अध्यात्म



CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

શ્રી સદ્ભાવભરી ભેટ

આજના દિનપ્રતિદિન વધતા જતા ભાવોમાં અધ્યાત્મને રહેવાનું જો કોઇ બળ હોય તો તે સદ્ભાવભરી ભેટ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાથી ભેટની આ સરવાણિ–વાંચકો તરફથી વહેતી રહે છે. છેલ્લે મળેલી આ ભેટો નીચે મુજબ છેઃ–

૯૦ શ્રી ધીરજલાલ જી. મોઘરિયા, ધાંગધ્રા.
૨૧ શ્રી ભાનુબેન એમ. જોષી, પોરબંદર.
૨૫ ભાવનગરના એક સાધકભાઈ તરફથી.
૨૫ પરાગજી રણછોડજી લાડ, વલસાડ.
૫૧ શ્રી હીતેશકુમાર તેમજ બેન ધર્મિષ્ઠાના જન્મદિન નિમિત્તે પિતાશ્રી હરસુખભાઈ પંડ્યા, રાજકોટ તરફથી.
૫૦ સોનેજી ભરતકુમાર વસંતલાલ, રાજકોટ.
૧૦ ડો. હરેન્દ્ર બી. સુતરિયા, ભરૂચ.
૫૦ રામદાન નારણદાન મીસણ, મોરબી.
૨૧ શ્રી અનુસૂયાબેન ભટ્ટ, વડોદરા બાબાના જન્મ દિન નિમિત્તે.
૧૧ ભાવનગર સાધક ભાઇ.
૧૫ શ્રી પદ્માબેન પ્રતાપભાઇ ત્રિવેદી, ભાવનગર.
૨૧ એક સાધકનો કપૂરાથી પાછા ફરતાં અદ્ભુત બચાવ થવાથી.
૨૧ શ્રીમતી તિલોત્તમા મહેન્દ્ર પંડ્યા, વડોદરા.
૧૧ શ્રી દયાબેન કાનજીભાઈ મોહિલ ભાવનગર.
૧૫ શ્રી રંજનબા જે. જાડેજા, રાજકોટ.
૨૧ શ્રી કુંદનબેન ભાઇશંકર મહેતા, મોરબી.
૧૦ શ્રી મહેશકુમાર રમણલાલ દવે.
૧૧ શ્રી મધુસૂદન પોપટ, મોરબી.

(અનુસંધાન પાના ૯ ઉપર)

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી-સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઇલાલભાઇ છાટબાર, શ્રી મણિભાઇ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧

લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધછે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અનુક્રમણિકા

શ્રી યોગેશ્વર કથામૃત	મા શ્રી સર્વેશ્વરી	૩
પરમસમીપે (૬)	ગોરધનભાઇ કલોલા	૧૦
આત્મદેવ	રામુ પારેખ	૨૧
સ્વામી રામતીર્થની પ્રભુદર્શનની વિરહ વેદના	એક રામભક્ત	૨૨
સંત તેજાનંદ સ્વામી	કનૈયાલાલ ઝિંઝુવાડિયા	૨૫
ધાર્યું નો	ડો. રણજીત પટેલ	૨૯
પ્રાર્થના	આશા ભક્ત	૩૦
રામકૃષ્ણની સાધના ને હૃદયનાથની મૂંઝવણ	નારાયણ હ. જાની	૩૧
ગીતાનું નામ શ્રીમદ્ ભગવદ્ગીતા શા માટે ?	યોગાચાર્ય શાંતિકુમાર ભટ્ટ	૩૫
પ્રેરક પ્રસંગો	પુનિત પદરેણુ	૩૯
બિનુ સતસંગ વિવેક ન હોઇ	મમતા પી. ભાટિયા	૪૩
યોગકલ્પ	કાં. લ. દેસાઇ	૪૯
યોગાભ્યાસીને કેટલીક સૂચનાઓ	મણિભાઇ શાહ	૫૪
ગીતાધર્મ	શ્રી લાભુભાઇ દવે	૫૯
રામકથા	શ્રી યોગેશ્વરજી	૬૨

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ ડીસેમ્બર–૧૯૮૯ અંક : ૩

શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

ભાદરવા વદ એકાદશી ૨૦૩૬, તા. ૪–૧૦–૮૦

સ્થળ : ભાવનગર સિવિલ હોસ્પીટલનો સ્પેશિયલ રૂમ.

સવારે છ વાગ્યે માતાજીને ફીડીંગમાં દવા, દૂધ, નાળિયેરનું પાણી આપવામાં આવે છે. ત્યારબાદ પૂ. શ્રી વ્યાયામ કરે છે.

પૂ. માતાજીના શ્વાસની ગતિ ખૂબ ભયજનક રીતે ચાલી રહી છે. પૂ. શ્રી સવારે સ્નાન કરવા જાય તે પહેલાં હું માતાજીને કોલનવોટરનાં પોતાં મૂકું છું, ત્યારે માતાજી પાસે ખુરશીમાં ખૂબ સ્વસ્થતાથી બેઠા–બેઠા બોલે છે. તેઓનો બીજો હાથ પૂ. માતાજીના માથા ઉપર ફરે છે અને કહે છે:–

"શ્રી રામ જય રામ જય જય રામ,
હરિ: ૐ હરિ: ૐ હરિ: ૐ."

પૂ. શ્રીની સ્વસ્થતા જોઇને મેં ડાયરી ને પેન ધર્યાં.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આપણે જાણવું તો જોઈએ કે "આ જે કષ્ટપ્રદ યાતના માતાજી ભોગવી રહ્યાં છે, તેમાંથી તેઓ ક્યારે મુક્ત થાય એમ છે. નવજીવન ક્યારે મેળવે છે?"

પૂ. શ્રીએ પરમશક્તિનો આદેશ ઝીલ્યો એમાં સ્પષ્ટ વાતો આવે છે.

ડાહી દીકરી હિંમત રાખ.–હવે માતાજી છેલ્લા શ્વાસ લઈ રહ્યાં છે. હવે નહીં બચે. એ મારું જ રૂપ છે. એ મારામાં સમાઈ ગયાં છે, જશે. છેવટે આવતીકાલે વિદાય થશે. આજે છેલ્લો દિવસ છે એમનો. હવે નહીં રહે.

ખૂબજ ઉજ્જવલ જીવન જીવી ગયાં છે. ધન્ય જીવન, સફળ જીવન જીવી ગયાં છે. ૪–૧૦–૮૦ સવારે ૭ વાગ્યે.

આ સ્પષ્ટ સૂચના પછી પૂ. શ્રીની આંખમાં સતત આંસુની ધારા ચાલવા લાગી. એ જોઈને મારી આંખમાં પણ આંસુ આવ્યાં. પૂ. શ્રી કહેવા લાગ્યા:–

"હિમાલયના કષ્ટપ્રદ કાળમાં પણ તેઓ મારી સાથે રહ્યાં. એમણે ખૂબ સહયોગ આપ્યો. આપણે બધા જ પ્રયત્નો કર્યા છે. હવે જગદંબાની ઈચ્છા."

"આપણે હવે આપણો સામાન તૈયાર કરશું, અને રાજકોટ, મોરબી, મુંબઈ, તારાબેનના ઘરે અમદાવાદ, વડોદરા ફોન કરવા જોઈએ. આ શબ્દો સાંભળી મેં એ દરેકનાં સરનામાં ને ફોન નંબરો કાગળ ઉપર લખી લીધા. બીજી જરૂરી વાતો થઈ ગઈ."

મને આજે પૂ. શ્રીએ સ્પષ્ટ વિનંતિ કરી કે આજે તમે સામે ઘરે સ્નાન માટે જાઓ છો તે ના જશો, હવે એક એક

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ઘડી કિંમતી છે. અહીં જ સ્નાન કરી લો. તેથી તરત જ તમને બોલાવી શકાય.

પૂ. શ્રીની એ આજ્ઞા પહેલાં એ ડાયરીની વાતચીત પછી માતાજીને કોલનવોટરનાં પોતાં મૂકતાં હતાં તે મૂકાઇ ગયા બાદ આખા શરીર અને મુખને ત્રણવાર કોલનવોટરથી સાફ કર્યું. પછી પૂ. શ્રી ગંગાજળ એમનાં મુખમંડળ ઉપર તેમજ આખા શરીર ઉપર લગાડે છે. માતાજીના મુખમાં પણ ત્રણ ટીપાં મૂકે છે. અને કહે છે, "એમને ગંગાજળનું શું?" ગંગા જેવું પવિત્ર જીવન જીવ્યાં. ગંગા કિનારે વર્ષો સુધી રહ્યાં. ગંગામાં વર્ષો સુધી નાહ્યાં.

માતાજીનું સંડાસ સાફ કર્યું.. પાવડર લગાવી કપડાં બદલાવી કાઢયાં.

શ્વાસની તેજ ગતિ યથાવત્ ચાલુ જ છે. આ બધું થયા બાદ પૂ. શ્રી એ સ્નાન કર્યું. આજે પૂ. શ્રીની આજ્ઞા મુજબ એ રૂમમાં જ પ્રથમવાર મેં સ્નાન કરી લીધું. બધો જ સામાન તૈયાર કરી સંકેલી લીધો. માતાજીની દીકરીની અમે રાહ જોવા લાગ્યાં. ત્રણથી ચાર વાર હું અને પૂ. શ્રી વારાફરતી બહાર આવીને જોવા લાગ્યાં. છેક નવ ને દશ મિનિટે માતાજીની દીકરીએ રૂમમાં પ્રવેશ કર્યો. શ્રી નારણભાઇ તથા સરસ્વતીબેન પોતાને ત્યાં નવચંડીયજ્ઞ હોવાથી પ્રણામ માટે અંદર આવે છે. માતાજીની દીકરી માતાજી પાસે બેસે છે ને શ્વાસની ગતિ નવો જ વળાંક લે છે. પૂ. શ્રી બહાર ઊભા છે. નારણભાઇને છેલ્લી સૂચના આપી રહ્યા છે, ત્યાં જ ડોક્ટર ભટ્ટ પણ આવી પહોંચે છે. પૂ. શ્રી અંદર આવે છે, ત્યાં જ પૂ. માતાજી છેલ્લો શ્વાસ લે છે. ડોક્ટરો મસાજ કરે છે. પણ માતાજીએ શાંતિથી પોતાની આંખો એક અડધી સેંકડ માટે ખોલીને બંધ કરી દીધી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

છે. મોઢું બંધ છે. શરીર શાંત બની જાય છે. એ રીતે પૂ. માતાજી સંસારમાંથી વિદાય લે છે. મુખ ઉપર શાંતિ પ્રસરી રહી છે.

અમે બન્ને આંખોમાં આંસુ સાથે સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરીએ છીએ. માતાજીની દીકરી ખૂબ અસ્વસ્થ બની માતાજીના મુખમંડળ પાસે માફી માંગીને હૈયાફાટ રૂદન કરવા લાગે છે.

પૂ. શ્રી કહે છે, "જો બેન, રડવાનું નહિ. એ કંઇ સંસારી ન હતાં. તપસ્વીની સાધક હતાં. એમની પાછળ શોક ન હોય.

એમના ગંગા જેવા પવિત્ર જીવનમાંથી પ્રેરણા મેળવી ઉત્તમ જીવન જીવવાનાં સંકલ્પ કરીએ.

મારી સાથે તો ત્રીસ વર્ષથી રહ્યાં તો અમને પણ દુઃખ થાય, પણ હિંમત રાખીએ."

ત્યારબાદ ડો. ગઢવી આવે છે. દિલસોજી વ્યક્ત કરતાં કહે છે, "અમે અમારા બનતા બધા જ પ્રયત્નો કર્યાં. પણ પ્રભુની ઇચ્છા."

પૂ. શ્રી કહે છે, "તમે સૌએ ખૂબ સેવા કરી તમારો આખો સ્ટાફ ખૂબ સેવા કરી શક્યો. તમે પણ અડધી રાતે ઊઠીને માતાજીને જોવા આવતા."

ડો. ગઢવી કહે છે, "હવે બીજી એક વાત કરું કે તમારે પણ દર વરસે હાર્ટનું ચેકીંગ કરાવવું."

પૂ. શ્રી કહે; "હું તમને વચન આપું છું કે હવે મને જીવનમાં હાર્ટએટેક ના આવે. રોજ શીર્ષાસન વગેરે કરું છું ને."

વગેરે વાતો બાદ પૂ. શ્રીએ પરમશક્તિની સૂચનાની વાતો

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

કહે છે. પોતાને ઘણા દિવસોથી માતાજીનું શરીર શાંત થવાનું છે તેનો અણસાર સ્પષ્ટ મળી ગયો હતો, તેની વાત કરે છે.

આજે પવિત્ર અગિયારસના દિવસે પૂ. માતાજીએ પોતાની પાર્થિવ લીલા સંકેલી લીધી. પૂ. શ્રીના જીવનમાં સર્વશ્રેષ્ઠ આદર્શ માતા બનીને જીવન ધન્ય કરી લીધું.

સંસારમાં આવીને જે રીતે જીવવાનું હતું તે રીતે જીવી લીધાનો સંતોષ માતાજીનાં મુખમંડળ ઉપર દેખાતો હતો. ખૂબ શાંતિથી જાણે ગાઢ નિદ્રામાં પોઢયાં હોય એ રીતનું એમનું મુખમંડળ હતું.

માતાજીને શબવાહિનીમાં નહિ પણ ગાડીમાં જ લઈ જવાનો પૂ. શ્રીએ આગ્રહ રાખ્યો. જેથી રાવલસાહેબની ગાડીમાં બ્રાહ્મણોએ જ માતાજીના પાર્થિવ શરીરને ઉપાડયું. માતાજીની ઈચ્છા પોતાના શરીરને કોઈ ગમે તેવા સ્પર્શ ન કરે તે હતી જેથી એ ભાવના પૂર્ણ કરવા એવી જ વ્યવસ્થા કરવામાં આવી. પૂ. શ્રીના ખોળામાં માતાજીનાં ચરણો રહે એ રીતે ઉતારે આવ્યા.

ઉતારા ઉપર આવી ગયા પછી પૂ. માતાજીના દેહને જે રૂમમાં ને જે પલંગ ઉપર તા. ૨૦ ઓગસ્ટથી તેઓ રહ્યાં હતાં, ત્યાં જ એમના પાર્થિવ શરીરને ગોઠવવામાં આવ્યું.

ઈન્જેક્શનના પાકમાંથી લોહી નીકળતું હતું તેથી અહીં છેલ્લીવાર કોટન મૂકી પાવડર છાંટી ચાદર બદલી એમના પવિત્ર દેહને પૂ. શ્રીના પ્રિય ખાદીનાં ધોતિયા ઉપર મૂકવામાં આવ્યો. પૂ. શ્રીને પોતાનું ભાવનગરથી જ લીધેલું ધોતિયું સર્વશ્રેષ્ઠ ઉપયોગમાં આવ્યું તેનો સંતોષ થયો. ધૂપ, દીપ થયાં,

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ધૂન ચાલુ થઈ.

બપોરે શિવમહિમ્ન, ગીતાનો પાઠ થયો. પાંચ વાગ્યે બહારગામથી આવનારામાં સૌ પ્રથમ રાજકોટથી શાંતિભાઈ વગેરે આવી ગયા. ફરીથી ધૂન ચાલુ થઈ.

વિષ્ણુસહસ્રનો સમૂહમાં પાઠ થયો. હોસ્પિટલના ડો. ભટ્ટ, ડો. જાની, ડો. કોઠારી વિગેરે પણ આવી ગયા. પાઠ બાદ ધૂન શરૂ થતાં પહેલાં, અમદાવાદ, મોરબીથી ભાવિક ભક્તો આવી ગયા.

પાઠ પૂરો થતાં "શ્રીરામ જય રામ, જય જય રામ" એ માતાજીની પ્રિય ધૂન બોલાવવાની મને સહજ ઈચ્છા થઈ. તેથી ધીમે સ્વરે ધૂન શરૂ કરી. ધૂન ચાલુ હતી અને ચાલુ ધૂને જ.

જય જય શ્રી જ્યોતિર્મયી માત,
ધન્ય ધન્ય હે તપસ્વીની માત,
વંદુ તુંજને વારંવાર.

આ લીટીઓ સ્મરણપટ ઉપર સ્ફુરી આવી. પ્રભુએ ખૂબ યોગ્ય સમયે અંતઃકરણમાં એ લીટીઓ મૂકી. એ લીટીથી સાચે જ મને સંતોષ થયો.

ધૂન પૂર્ણ કરી સૌ વિદાય થયા. બહાર મોરબીના અને બીજા ભક્તો બેઠા હતા. તેઓએ ગીતાપાઠ ધૂન વગેરે શરૂ કર્યું. માતાજીનો પાર્થિવદેહ જે રૂમમાં મૂક્યો હતો તેજ રૂમમાં માતાજીના માંદગી દરમ્યાન પૂ. શ્રી ચોવીસે કલાક રહેતા. એટલે આજે પણ પૂ. શ્રીએ માતાજી જાણે પલંગ ઉપર નિદ્રા લે છે એમ માનીને અહીં દરરોજ સૂતા એ રીતે આરામ કર્યો. જેણે

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આ જન્મના સર્વશ્રેષ્ઠ સાધનાના સર્વોત્તમ સાક્ષીના શાંત થયેલા શરીરથી પણ તેઓ જાણે ક્ષણભર છૂટા પડળા નહોતા માગતા.

સંસારમાં સર્વશ્રેષ્ઠ કર્તવ્ય બજાવીને પોતાનું પૂર્ણ પવિત્ર કાર્ય પૂર્ણ સંતોષ સાથે પૂર્ણ કરીને માતાજીએ પોતાની રીતે પોતાનું શરીર શાંત કરી દીધું.

ધન્ય ધન્ય જ્યોતિર્મયી માત,
વંદુ તુજને વારંવાર.

(ક્રમશઃ)

સદ્ભાવભરી ભેટ (ચાલુ)

૧૧ શ્રી નીલાબેન ઠાકર, સુરેન્દ્રનગર—નવા મકાનમાં પ્રવેશ અંગે.

૧૦૫ શ્રી વનમાળી આણંદજી, પાલીતાણા—શુભકામ સફળ થતાં.

૫૧ શ્રી વિવેક કમલેશભાઇ દવેનું ઓપરેશન સફળ થતાં.

૨૧ સ્મિતાબેન કમલેશભાઇ દવે.

૧૦૦ શ્રી મંજુલાબેન પ્રફુલ્લભાઇ લોટરવા, ભાણા નિરવના જન્મનિમિત્તે.

સહુને શુભેચ્છા ને અભિનંદન.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પરમસમીપે (૬)

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

અંતર ઊંડેરું નિરખીશું તો પૂ. મા માં આત્મિક આભાથી ઝળહળતા વિરલ અલૌકિક 'તત્ત્વદર્શન'ની ઝાંખી થશે એમાં ક્યાં શંકાને સ્થાન છે? એ તત્ત્વદર્શન એજ સાચું દર્શન છે એટલે નરસિંહ મહેતા કહે છે. "ભણે નરસૈયો કે તત્ત્વદર્શનવિના રત્નચિંતામણિ જન્મ ખોયો." એ તત્ત્વદર્શન દુર્લભ એટલા માટે છે કે આપણી દશા પેલા કવિ કહે છે તેવી કંઈક છે. "તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં." આ તરણા જેવા પંચમહાભૂતથી બનેલા શરીરની તદ્દન સમીપે આવેલા પરમતત્ત્વ સમા આત્મારૂપી ડુંગરને આપણે જોઈ શકતા નથી. મહાપુરુષોનાં શરીર અને આપણાં શરીર એકજ લાગે છે, એટલે એ શરીરધારી મહાપુરુષોને આપણે ઘણીવખત આપણા જેવાં જ સામાન્ય શરીરધારી માની લઈએ છીએ. અહીં આપણી સૌની સમક્ષ પૂ. માના સ્વરૂપમાં તરણા ઓથે ડુંગર જેવું મહાનજીવન આપણાં ચર્મચક્ષુઓ પાસેથી પસાર થઈ રહ્યું છે. આપણે જાગૃત રહેવાની એટલા માટે જરૂર છે કે આપણી આંખો આગળ રહેલા માયાના ઝાકળઝીણા અંતરપટને આપણે દૂર કરી શકતા નથી. એ અદીઠ અંતરપટને દૂર કરી પૂ. માનાં દર્શન પામવા એજ આપણી સાધના નથી શું? આપણી સાધના કાચી હોય તો પણ પૂ. મા કૃપા કરીને એમની ઓળખ સ્વયં આપતાં હોય છે. અમે કેવાં છીએ, આ છે

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અમારો શણગાર! ઓળખી લેજો.

શ્રદ્ધા કેરું, કુમકુમ સોહે, ને સ્નેહ તણું સિન્દુર,
પાવિત્ર્યનું પાનેતર પહેર્યું, પ્રાણમાં પ્રેમનું પૂર.
અંતર રંગાયું રાગ થકી, ને તપનું તેજ ભર્યું,
મારો વ્હાલો આવ્યો દ્વાર, મેં તો સોળે સજ્યા શણગાર.

અરે ભાઇ! આ 'તત્ત્વદર્શન'ની પીંજણમાં ન પડીએ અને જે દેખાય છે તેનું દર્શન કરીએ તોપણ ક્યાં ઓછું છે? "કેસરી તિલક મોતનકી માલા, વૃંદાવન કો વાસી" આ દર્શન પણ મનભાવન નથી શું? જેઓએ પણ પૂ. માનું પ્રત્યક્ષ દર્શન કર્યું છે તેઓ પણ એ 'દર્શન'થી ક્યાં નથી લોભાણા? એ સ્મિતભર્યું દર્શન એક ઘડી પણ પામવા દેશ પરદેશથી છોકરાઓ દોડીજ આવે છેને! પૂ. માના એક પ્રેમઘેલા બાળકનું પ્રેમભર્યું પાગલપન યાદ આવે છે. પૂ. મા કલકત્તામાં લક્ષ્મીનારાયણના મંદિરમાં બિરાજે છે. એક વખત સાંજે સૌ સહયાત્રીઓને છ વાગ્યે દર્શન–સત્સંગનો સમય આપ્યો છે. પરંતુ એ વખતે જ મંદિરના ટ્રસ્ટીઓ પૂ. માને મળવા આવ્યા છે તેથી સહયાત્રીઓ પૂ. માને મળી શકતા નથી. પૂ. મા ખૂબ થાક્યાં છે, તેથી આરામ કરવાની ઇચ્છાથી બારણું બંધ કરે છે ત્યાં એક છોકરે આવી ટકોરા મારી કહ્યું "મા, દર્શન કરવાં છે?" પૂ. માએ તો હસતાં હસતાં સહજભાવે હળવી ગમ્મત કરતાં બાજુના રૂમમાં રહેલાં સ્નેહલત્તાબેનને કહ્યું "એને કહો કે અત્યારે દર્શનના એક લાખ રૂપિયા થશે." એ શબ્દો સીધાજ એ છોકરે સાંભળ્યા અને પાગલ અવસ્થામાં ઉછળતા એ છોકરાએ બૂમ પાડી, "મા એક લાખ નહીં, પણ અત્યારેજ દર્શનના સવા લાખ." છોકરાનો એ ભાવ જોતાંજ પૂ.માથી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

નિજમંદિરના દ્વાર ખોલાઇ ગયાં! અને એ છોકરો જે ભાવથી એ શ્રી ચરણોમાં આળોટી પડ્યો ત્યારે જે ભાવની સરિતા ઉમટી તેના પ્રેમપૂરમાં સવાલાખની સંપત્તિ એક તણખલાની જેમ તણાતી હતી. પૂ. માતો આ ભાવદર્શનથી જાણે તૃપ્ત થઇ ગયાં! ભાવ એજ પૂ. માની સંપત્તિ છતાં, એ પૂ. માના દિવ્યદર્શનને જ સાક્ષાત્ પ્રભુદર્શન માનતા એ છોકરાએ એ "દર્શન"ના સવાલાખ રૂપિયા સ્થૂળરૂપે ધર્યા એટલે ધર્યાજ. આજે તો પૂ. માએ એને અનેકગણું આપ્યું છે. તેમ છતાં એ 'ભાવ' આજે પણ કાયમ છે. કેવાં પ્રેમ ઘેલાં મા, અને કેવો પાગલ છોકરો! આ પ્રેમસૃષ્ટિનું દર્શન પણ શું વિરલ નથી .લાગતું!

પૂ. માના શ્રી વિગ્રહનું દર્શન જ એટલું તો તૃપ્તિપૂર્ણ છે કે બીજા કોઇ સ્વરૂપદર્શનની ઇચ્છા જ થતી નથી! શું નથી એમાં કે જેથી આપણને વળી બીજા ચતુર્ભુજધારી સ્વરૂપના દર્શનની ઇચ્છા થાય! જેઓએ અનુભવ્યું છે તેઓ જાણે કે છે એ લીલામય જીવનની પળેપળે પ્રેમસૃષ્ટિનું સર્જન થઇ રહ્યું છે! પૂ. માના સમગ્ર શ્રી વિગ્રહમાંથી માતૃભાવ નિતરી રહ્યો છે. નેહભર્યાં નયન નીરખો, કે એ હોઠ પર સદાય રમતા સ્નેહ સ્મિતનું દર્શન કરો, આશીષ વરસાવતા વરદ હસ્તમાં કે કોઇ છોકરાના વાંસામાં પડતા પ્રેમભર્યા ધબ્બામાં, સહજપણે કોઇના મસ્તકે ફરતી જ ખ્યારભરી આંગળીઓમાં કે એ ચરણકમળની ધૂલીમાં જગતનાં માન, પદ, પ્રતિષ્ઠાને ભૂલી જઇ આળોટતા છોકરાઓના ભાવમાં, એ ચાલમાં, વાણીમાં કે પાપણના પલકારામાં ક્યાં પ્રેમ નથી? બેઠાં હોય, સૂતાં હોય, શરીર સ્વસ્થ હોય કે અસ્વસ્થ, કોઇએ પણ કોઇ અવસ્થામાં

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પ્રેમની ઓટ અનુભવી છે? ઉષા, સંધ્યા કે દિવસ રજનીના કોઇ કાળખંડ પ્રેમની એ જ્યોતને ઝાંખી કરી શક્યા છે? અરે! હજારોની સંખ્યામાં ગણાતાં એ આકરા ઉપવાસોના વ્રતમાં પણ એકઘડી પણ એવી નથી વીતતી કે જ્યારે એ પ્રેમની હૂંફની ઉષ્મા ન અનુભવાતી હોય! છે કોઇ એવી શરીરની અવસ્થા કે સમયનું બંધન કે જ્યારે પૂ. મા પ્રેમપૂર્ણ ન લાગ્યાં હોય! શું આ પૂર્ણતા નથી? તત્ત્વદર્શનનું હુંપણું આ પ્રેમદર્શન પાસે તુચ્છ નથી લાગતું?

ક્યાં રહ્યા અહીંયા બાહ્ય કે આંતરદર્શનના ભેદ! નાગનાથ મહાદેવથી પરલી વૈજનાથના જ્યોતિર્લિંગના દર્શને જતાં આપણે આવા જ કંઇક સ્વરૂપ દર્શનની ઝાંખી કરવાના છીએ. પૂ. માના સાન્નિધ્યમાં અમારી બસ ધરતીપર દોડી રહી છે કે આકાશમાં વિહરી રહી છે તેનું કંઇ ભાન નથી. પરંતુ પૂ. માએ બસમાંથી કેસુડાંનાં ફૂલ જોયાં. એટલે બસ ઉભી રખાવી અને આજ્ઞા કરી કે "જાઓ, પેલાં દેખાય તે કેસુડાં લઇ આવો." છોકરા ગયા ને પીળાંચટક કેસુડાંની ફાંટ ભરીને લાવ્યા. આખીયે બસ કેસુડાનાં ફુલોથી લચી પડી. તોરણો બાંધી બસને શણગારી. થોડાં કેસુડાંનો પૂ. માએ એક વાટકીમાં રંગ ઘોળ્યો. વાટકી હાથમાં લઇ હસતાં હસતાં પલંગપરથી નીચે ઉતર્યાં. પ્રથમ ગુરુદેવપ્રભુ, અને સાઇનાથપ્રભુને કેસુડાંના રંગનાં છાંટણાં કર્યા, પછી પંદરેય છોકરાઓએ પાસે જઇ પોતાના સ્વહસ્તેથી જ દરેકને રંગી દીધા! પછી પૂ. મા થોડા ઉભા રહી આ રંગભર્યું દૃષ્ય કેવું લાગે છે તે એ અલૌકિક સ્મિત સાથે નિરખવા લાગ્યાં. થોડીવારમાં તો પૂ. માની અવસ્થા એ રંગભર્યા દૃષ્યથી જાણે રંગાઇ ગઇ! અંદર ને બહાર બધું જ રંગાઇ ગયું! હોળી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ને ધૂળેટીને હજી થોડીવાર છે. પરંતુ અહીં તો એ દિવ્ય રંગલીલાની હોળી પ્રકટી જ ગઇ! એ પ્રેમરંગના છાંટણા એવા તો ઉડ્યા કે પૂ. મા સહિત સૌ એ અનેરા રંગમાં મસ્તીથી ઝૂમી ઉઠ્યા. પૂ. માના અંતરમાંથી બ્રહ્માનંદજી ભજન વહેવા લાગ્યું, એ ઝીલાતું ગયું અને રંગ રેલાતો ગયો, અને પછી તો એ રંગ જામ્યો, તન, મન અંતર બધું જ એ પ્રેમરંગમાં રંગાઇ ગયું,, કેસુડાંના તોરણનો શણગાર, કેસરીરંગમાં તન મનથી રંગાયેલા એ છોકરાઓ ને પૂ. મા, જ્યાં આવો પ્રેમરંગ પ્રકટે તે વ્રજ નહીં તો બીજું શું? "હોરી ખેલત નંદલાલ બીરજમેં, હોરી ખેલત નંદલાલ," એ દૃષ્ય તાદૃશ્ય થઇ ગયું! પૂ. મા બેઠાં છે પલંગપર, પરંતુ હાથના એ લટકાઓમાં, અને મુખના ભાવોમાં જ શામાટે, સમગ્ર શ્રી વિગ્રહના ડોલનમાં એ વ્રજેશ ઝૂમી રહ્યો છે! એ રંગભર્યા ભાવને જાણે નિરખ્યાં જ કરીએ! રંગ તો એવો લાગ્યો છે કે એ રંગાયેલા અંતરમાંથી બ્રહ્માનંદજીનુ ભજન બસ વહ્યા જ કરે છે, એકવાર, બેવાર, ત્રણવાર, બસ એ વહેતું જ રહ્યું!

મૈં તો ગુરુ અપનેમેં હોરી ખેલું મન ધાર રી,
પ્રેમભાવકા રંગ બનાવું, ભક્તિ ગુલાલ સુધાર રી,
જ્ઞાન વિવેક ભરું પીચકારી, છોડું વારંવાર રી,
યોગ યુક્તિકા ચંદન લેપું, ધ્યાન પુષ્પ ગલહાર રી,
અનહદનાદ બજાવું સુંદર, સુરત નિરત સિંગાર રી,
નિગમાગમકે વાક્ય મનોહર, ગાયન કરું વિચાર રી,
મિલ સત્સંગન ફાગ મચાઉં, સંશય મન નિવાર રી,
એકરૂપ સબરૂપમેં દેખું, ભેદભાવ સબ ટાર રી,
બ્રહ્માનંદ મગન મન નિશદિન, છૂટે સકલ વિકાર રી.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આ રંગલીલાની અલૌકિક સૃષ્ટિમાં વિહાર કરતાં ક્યારે વૈજનાથપ્રભુના ધામમાં પહોંચી ગયાં તેનો પણ ખ્યાલ ન રહ્યો. નાગનાથ મહાદેવના સ્થાન કરતાં અહીં દર્શનની સુંદર સુવિધા છે. પૂ. મા સાથે સૌએ ગર્ભદ્વારમાં બેસીને વિધિસર પૂજા અને આરતી કરી. જ્યોતિર્લિંગના પાવનદર્શનનો લાભ પામ્યા.

અમે રાત અહીં વૈજનાથપ્રભુના ધામમાં ગાળી, પરંતુ રસ્તામાં માણેલી રંગલીલાનો રસાસ્વાદ કેમેય ભૂલાતો નથી. એ પ્રેમરંગની ચોટ આટલી સચોટ શા માટે? એ સાન્નિધ્ય આટલું હુંફાળું કેમ? ખરેખર મા તે માજ છે. પૂ મા પોતાના સમગ્ર અસ્તિત્વથી સૌને ચાહે છે. અહીં અભિનય નથી, બનાવટ નથી. 'મા' શબ્દ પણ એ 'પરમપ્રેમ'ને યથોચિત નહીં વ્યક્ત કરી શકે, પણ એમ કહીએ કે એ "પરમપ્રેમ"ને વ્યક્ત થવા માટે 'મા' સિવાય બીજું કોઇ વધારે સારું રૂપ યોગ્ય નહીં લાગ્યું હોય, બાકી તો માતૃરૂપથીયે ઉપર છલીને એ પ્રેમ વહી રહ્યો છે.

આજે છઠ્ઠી માર્ચનું પ્રભાત વૈજનાથધામમાં પ્રકટે છે. પ્રભાત પ્રકટે એટલે આપણું પ્રથમ શુભ કાર્ય "પ્રભુદર્શન"નું કરી લઈએ. કેવું છે સ્વરૂપદર્શન!

આંખ અમીમય, ચંદ્ર થકીયે, વદન વધારે મધુમય ચારુ,
સ્વર્ગ સમાયું એમાં જાણે, પરમધામ પણ ત્યાં છે હાર્યું.
ક્યા પુણ્યથી પાન મળ્યું આ, રૂપતણું ના જાણું વારું;
એ અવલોકી અંતર ઉછળે, નાચી ઊઠે મનડું મારું.
રૂપ તમારું આ રઢિયાળું, નેહ થકી નીતરતું ન્યારું.

આ એજ પ્રેમ નીતરતું માતૃસ્વરૂપ. શરીર કંઇક અસ્વસ્થ દેખાય છે. તાવ છે પણ એ ક્યાં સુધી પ્રસન્ન મધુર સ્વરૂપને

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ઢાંકી શકે! પલંગપર આસન લેતાં લેતાં તો માંડ માંડ ગંભીરતાને સાચવી રાખતું એ મુખડું મલકી ઉઠ્યું! બસ, છોકરાઓ આજ પ્રસન્ન સ્વરૂપનું દર્શન ઝંખતા હતા! એ દર્શન થતાં જ પ્રસન્નતાથી વાતાવરણ મ્હોરી ઉઠ્યું!

આપણી યાત્રા ફક્ત સ્થૂળ તીર્થસ્થાનોની યાત્રા નથી, પરંતુ આપણી સાથે જ એ પ્રકટ તીર્થંકરપ્રભુ સ્વરૂપ વિહરી રહ્યું છે. એટલે જ આપણી યાત્રા મહિમાવંતી બની રહી છે. એક પછી એક પ્રગટતા પ્રસંગો એ અપૂર્વ મહિમાની સાક્ષી પૂરી રહ્યા છે. જુઓને, આજે પૂ. માને તાવ છે, એક હજાર આઠસો ને તેરમો ઉપવાસ છે અને તોપણ આજે તો નિર્જળા છે, બસના પ્રવાસની કઠિનતાનું શું વર્ણન કરવું? અમે તો હરપળે પૂ. માનાં સાક્ષાત્ દર્શનથી બીજી મુશ્કેલીઓ અનુભવતા નથી. બધું એ દર્શનમાં વિસરાઇ જાય છે. જ્યારે પૂ. મા પોતાના છોકરાઓને જોઈને આનંદ તો પામે જ પરંતુ એક "જીવનધ્યેય"ને મૂર્તિમંત કરવા જે વેદના હરપળે સહી રહ્યાં છે તેનો અણસાર આપણે શું પામી શકીએ! એ ધ્યેય'ની ઉન્નત યાત્રા પણ આ સાથે જ અવિરામ ચાલીજ રહી છે. એ પરમ પુરુષાર્થનું સહજ પ્રદર્શન ભલે આપણે ક્ષણિક પામીએ પણ એ પુરુષાર્થ અને પુરુષાર્થ સામેના પડકારનો પાર પામવો એ આપણા ગજાની વાત નથી. આ બધું તો એ માતૃશક્તિ જ પચાવી શકે. આજની ફક્ત એક દિવસની મુસાફરીનો ખ્યાલ કરીએ તોપણ આ સમગ્ર યાત્રા દરમ્યાન કેટલું વેઠવું પડે છે તેનો આછેરો ખ્યાલ આવે. આપણને તો તાવ આવે કે શરદી થાય કે તુરત જ દવા લઇને એક અઠવાડિયાનો આરામ કરીએ. પરંતુ અહીં તો તાવ હોય કે ટાઢ, દિવસ હોય કે રાત, દેશ હોય કે પરદેશ, આરામ તો

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ક્યાં રહ્યો, પણ વિરામ માટે પણ વખત નથી. આરાધનાની અહાલેક અહર્નિશ પડઘા પાડી રહી છે. આજ સવારથી જ શરીર અસ્વસ્થ છે, છતાં સવારના છ વાગ્યે આગળ પ્રયાણ થઇ ચૂક્યું છે. શરીર કોઇ પણ સ્થિતિમાં બેસી શકે તેમ નથી, ખરબચડા રસ્તા, સખત તાપ, નિર્જળા ઉપવાસ છતાં પણ એજ પ્રસન્નતાનો પમરાટ એ મુખમંડળપર!

પંઢરપુર જતાં વચ્ચે તુલજાભવાની માતાના મંદિરે પૂ. મા દર્શને પધાર્યાં છે. મંદિર એટલું વિશાળ છે કે નિજમંદિરે પહોંચતાં કંઇ કેટલાંયે પગથિયાં ચડઉતર કરવાં પડે તેમ છે. સ્વસ્થ માણસ પણ ચઢતાં થાકી જાય તેવી પરિસ્થિતિ છે. તેમાં આજે વળી શિવરાત્રી છે. મંદિરમાં દર્શનાર્થીઓની અસહ્ય ભીડ છે. તેમ છતાં પૂ. મા દર્શનાર્થીઓના પ્રવાહમાં ભળી જઇ તુલજાભવાની માતાનાં દર્શન, વંદન કરે છે. આ એજ તુલજાભવાની માતા છે કે જેની માતૃકૃપાથી શિવાજી મહારાજે હિંદુ ધર્મની રક્ષા માટે પ્રેરણા અને બળ પ્રાપ્ત હતું. દર્શન પછી પૂ. મા ભક્તો સાથે મંદિરમાં જ ઉભાં રહીને દેવી ક્ષમાપન સ્તોત્રનો પાઠ કરે છે. પાછા વળતાં એજ પગથિયાનો ડુંગર, એજ સખત તાપમાં ખુલ્લા પગે ચાલવાનો પરિશ્રમ. વળી ત્યાંની બજારમાં પણ પોતાના છોકરાઓ માટે કંઇક શોધતાં ફરે છે, પણ શું ભાર છે કે તમે પામી જાઓ કે પૂ. માને આજે તાવ છે અને નિર્જળા ઉપવાસ છે! બસ, આ તો એજ રમતિયાળ મા, તમને રમાડ્યાં જ કરે!

વિઠોબાના દર્શને બસ હવે આગળ દોડી રહી છે. વૈશાખ તપી રહ્યો છે. સખત તાપમાં પૂ. મા અસ્વસ્થતા અનુભવી રહ્યાં છે. છોકરાઓ રસ્તામાં બરફની વ્યવસ્થા કરે છે. ટુંવાલ,

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

નેપકીન ભીના કર્યા છે. મસ્તકપર વીંટાળેલા ટુંવાલોને લીધે મુખારવિંદ લગભગ ઢંકાઇ ગયું છે. છતાં એ છોકરાઓ પોતાનું મનગમતું દર્શન પામી રહ્યા છે અને તે છે માતૃવાત્સલ્યને વ્યક્ત કરતું પેલા હોઠ પર સદાય વિલસતું દેવી સ્મિત! માતૃપ્રેમની વિજયપતાકા ફરકાવતા એ વાત્સલ્ય ઝરણાંને ગમે તેવા વૈશાખી વાયરા પણ સૂકવી શકતા નથી. એટલે જ પૂ. મા એવાં તો મીઠાં લાગે કે એ ખોળામાંથી ઉઠવાનું મનજ ન થાય.

પૂ. મા એટલાં તો હળવાં લાગે કે ત્યાં કોઇ ગંભીરતા, પછી તે તપની, માન, પદ કે પ્રતિષ્ઠાની, વાતાવરણ કે પરિસ્થિતિની ગમે તે હોય. પણ ટકતી નથી. અહીંયા જ જુઓને, આ પરિસ્થિતિમાં આપણે હોઇએ તો દિવસોસુધી પથારીમાં લાંબા થઇને સૂઇ જઇશું, શરીરની આવી અસહ્ય અવસ્થામાં પણ ગંભીરતાનો ભાર પૂ. મા ટકવા દેતાં નથી. જુઓ, બસ એક લીમડા નીચે ઉભી છે. થોડા છોકરાઓ બરફ લેવા ગયા છે. બીજાઓને પૂ. માએ કહ્યું "ચાલો, લીમડાની નાની નાની ડાળીઓ તોડી લાવો, છોકરાઓ તો વાંદરાઓની જેમ ચડ્યા લીમડાપર અને કર્યો ડાળીઓનો ઢગલો." પૂ. મા કહે, "બાંધો એને પલંગની આસપાસ" છોકરાઓએ દોરી બાંધી કર્યો સરસ મજાનો લતામંડપ. તેના પર લીમડાની ડાળીઓ લટકાવી દીધી. બધે જ લીલુંછમ. જાણે તપોવનમાં શબરીનો આશ્રમ! હવે એક મુશ્કેલી ઊભી થઇ અને તે દર્શનની? ચારેબાજુ લીમડો જ લીમડો, પૂ. મા તો જાણે ઢંકાઇ જ ગયાં! એજ પરિસ્થિતિમાં મધુર નામનું ગુંજન સંભળાવા લાગ્યું "રંગ રંગ પાંડુરંગ રંગ વિઠ્ઠલા, રંગ વિઠ્ઠલા" તપોવનમાં આશ્રમ અને પૂ. માના કંઠે ભગવાન વિઠ્ઠોબાનું નામસ્મરણ. જાણે બધું જ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

વિસરાઇ ગયું. એક આહ્લાદક આનંદસૃષ્ટિ ખડી થઇ ગઇ. આ આનંદવાટિકામાં વિહાર કરતાં કરતાં પંઢરપુરધામમાં ક્યારનાય પ્રવેશી ગયાં! જોઇ, પૂ. માની હળવાં થવાની અદ્‌ભુત ક્ષમતા! ઘડીના છઠ્ઠાભાગમાં તો જાણે વૈશાખી તાપમાંથી અષાઢી વર્ષા હેલીની સ્નાન મોજ!

આજે શિવરાત્રી છે. પૂ. માએ અગિયાર વખત શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ કરવાનો સંકલ્પ કર્યો છે. તેપણ વૈજનાથથી પંઢરપુર સુધીમાં બસમાં જ પૂર્ણ કર્યો છે. પંઢરપુરમાં પ્રવેશતાં જ સીધા ત્યાં વહેતી પવિત્ર ચંદ્રભાગાના દર્શને ગયા. અગિયાર વર્ષ પહેલાં ગુરુદેવપ્રભુ સાથે અહીં પૂ. મા પધારેલાં. તે સંસ્મરણો યાદ કરે છે. ચંદ્રભાગાને કાંઠે આવેલા મહાપ્રભુજીની બેઠક, અને ભક્તરાજ પુંડરીકના મંદિરે સૌ દર્શન કરે છે. ત્યાંથી સૌ અહીંના પ્રખ્યાત વિઠોબાના દર્શને આવ્યાં છે. મંદિર ઘણું પ્રાચીન અને વિશાળ છે. જ્ઞાનેશ્વર, એકનાથ, તુકારામ, નામદેવ, પુંડરિક જેવા મહાન સંતોનું આ લીલાસ્થાન છે. વિઠોબાનાં આ પ્યારા ભક્તો અહીં જ પ્રેમમાં પાગલ બની નાચી ઉઠ્યા હતા! પરંતુ આજે વાતાવરણ કંઇક જુદુ જ છે. મંદિરની એ પવિત્રતા ને શાંતિ આજે ક્યાંય નજરે પડતી નથી. દર્શન માટે લાંબી લાંબી કતારો, માનવ કીડીયારાથી ઉભરાતું આ ધર્મસ્થાન ભાવભક્તિને બદલે જાણે દર્શનસ્થાન બની ગયું છે! સામાન્યદર્શન, અને સ્પેશિયલ દર્શનના વિભાગો પાડી અહીં પણ દોલતની દુનિયાનું રાજ ચાલી રહ્યું છે. આજે આખા દિવસના પ્રવાસના થાક સાથે અહીં પણ એક કલાક સુધી લાઇનમાં ભગવાનના દર્શનમાટે પૂ. મા સહિત સૌ ઉભા છે. લાંબી પ્રતીક્ષાને અંતે ભગવાન

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

વિઠોબાના દર્શન પામી સૌ ધન્યતા અનુભવે છે. બહાર મંદિરના પ્રાંગણમાં બેસી પૂ. મા સાથે સૌ નામ સંકીર્તન કરે છે. અહીં અનુભવાતી એક આત્મગૌરવની આભાની ઝલકથી આ તીર્થદર્શન જાણે અવિસ્મરણીય બની ગયું! પૂ. મા નીચે બિરાજ્યાં છે. આસપાસ છોકરાઓ વીંટળાયેલા છે, ત્યાં ગાઇડ આવી કહે, ચાલો રૂક્ષ્મણીમાતાનું દર્શન બાકી છે તે કરી લઇએ. તુરત જ પૂ. મા પોતા તરફ અંગુલિ નિર્દેશ કરતાં કહે "આ રહી રૂક્ષ્મણીમાતા કરી લો દર્શન" ભાગ્યે જ ગૂંજી ઉઠતું આ આત્મ–ગૌરવગાન કેટલું સહજ ઝણઝણી ઉઠ્યું! ગાઇડ તો જાણે સડક થઇ ગયો! તેણે નીચા નમી પ્રણામ કર્યા. છોકરાઓ તો જાણે પોતાની એ રૂક્ષ્મણીમાતાને વળગી પડ્યા! પૂ. મા હવે ઉભાં થયાં છે. છોકરાઓ જ્યાં આગળ પાછળ ઉભા હતા ત્યાંથી જ પૂ. માને દંડવત્ પ્રણામ કરે છે. પૂ. મા વચ્ચે ઉભાં છે. ગોળાકારમાં ચારે તરફથી છોકરાઓના આ પ્રણામ દૃષ્યે જાણે મંદિરના પ્રાંગણમાં એક માતૃમંદિરનું પ્રત્યક્ષ તીર્થ સાકાર કરી દીધું!

ક્યાં એ સવારનો તાવ! ક્યાં આ સાંજનો ભાવ! સમજી શકાય છે એ શ્રી વિગ્રહની લીલાને? અત્યારે રાત્રિના દશ થવા આવ્યા છે, છતાં પૂ. મા હજું પગ વાળીને ક્યાંય બેઠાં નથી, અત્યારે પણ હજુ પંઢરપુરની બજારમાં પોતાના છોકરાઓ માટે ચિંતિત ચહેરે કંઇક શોધી રહ્યાં છે! અમારે તો કંઇ શોધવાનું રહ્યું નથી. અમને તો અમારાં 'મા' મળી ગયાં છે. પ્રાર્થના એટલી જ છે કે મા, અમારો હાથ પકડ જો, અમારામાં તો આપનો હાથ પકડવાની શક્તિ નથી.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

માતતાત સગાં સહોદર, જે કહું તે આપ મારે,
હે કૃપામૃતના સરોવર! દાસ સારુ સૂકશો મા.
દીનાનાથ દયાળ નટવર, હાથ મારો મૂકશો મા!
હાથ મારો મૂકશો મા, હાથ મારો મૂકશો મા.

(ક્રમશઃ)

આત્મદેવ

પ્રગટ થાઓ મારા પ્યારા પ્રભુજી
પ્રાણે પ્રાણે તમને ભજુજી રે.

નામ ના જાણું, રૂપ ના જાણું, ના જાણું ઠેકાણું રે,
ઘટ ઘટ વાસી, અંતર્યામી કહેવાતુ વાસુ દેવા રે.
પ્રગટ થાઓ.

સર્વમાં વ્યાપી, સર્વના સાથી તોયે અમે અજાણી રે,
ધરતીમાં જેમ બીજ પ્રફૂટે, ભક્તિનાં બીજનો વાપી રે.
પ્રગટ થાઓ.

શોધવા જઈએ તો દૂર દૂર થઈએ એવા તમે ખેલાડી રે,
હજરાહજુર એવા ભાવ જગાડી "અહમ્" દોને બાળી રે.
પ્રગટ થાઓ.

રામુ પારેખ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સ્વામી રામતીર્થની પ્રભુદર્શનની વિરહ વેદના

એક રામભક્ત

તીર્થરામ એકવાર સાયંકાળે રાવીનદીના એકાંત કિનારે ફરતા હતા. એટલામાં આકાશમાં શ્યામવર્ણનું વાદળ દૃષ્ટિએ પડ્યું, એટલે ઘનશ્યામ શ્રીકૃષ્ણનો વિરહ રોમેરોમમાં વ્યાપી ગયો. ગગનમાં મેઘ ભણી એકીટશે તે જોઇ રહ્યા, આંખમાંથી અશ્રુધારા વહેવા માંડી; શરીર કંપવા માંડ્યું; થોડીવાર સ્તબ્ધ થઇ ગયા અને મૂર્છામાંથી જાગૃત થતાં "હે ઘનશ્યામ! આ શ્યામવર્ણ મેઘમંડળે આપના સ્વરૂપનું સ્મરણ કરાવ્યું. હે પ્યારા! આટલું બધું શા માટે તલસાવો છો? બતાવો તો ખરા કે આપ કઇ કુંજમાં છુપાઇ રહ્યા છો?"

હે વાદળ! તું મારું મિત્ર છે, તું આટલે બધે ઊંચે હોવાથી જોઇ શકતું હશે કે મારો કૃષ્ણ ક્યાં છે? સાચી વાત, એના વિયોગથી જ તારો રંગ પણ શ્યામ થઇ ગયો છે! એના વિરહશોકથી જ વિહ્વલ થઇને તું આમતેમ દોડ્યા કરે છે! પણ કહે તો ખરું કે એ ઘનવર્ણી પ્રિયતમ મને મળશે ખરો કે?"

આમ આક્રંદ કરતાં કરતાં એમણે છાતી કૂટવા માંડી અને મહાવિલાપને પરિણામે મૂર્છા ખાઇને જમીન ઉપર ઢળી પડ્યા. થોડીવારે જાગૃત થયા, ત્યારે આકાશ સ્વચ્છ હતું,

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ચંદ્રમાનો ઉદય થયો હતો, એટલે પોતે શાંત થઈને નીચે પ્રમાણે ગાતા ગાતા મકાન પર પાછા આવ્યા.

कृष्णत्वदीयपदपंकजपञ्जारान्ते।
अद्यैव मे विशतु मानसराजहंसः।।
प्राणप्रयाणसमये कफवातपित्तैः।
कंठावरोधनविधौ स्मरणं कुतस्ते ।।

અર્થાત્ હે કૃષ્ણ! આપના ચરણકમળરૂપી પીંજરામાં હમણાં જ મારા માનસહંસને પ્રવેશ કરવા દો, કારણ પ્રાણ જવાને વખતે તો વાત, પિત્ત અને કફથી કંઠ રૂંધાઈ જશે, તે વખતે આપનું સ્મરણ કેવી રીતે થશે?

रे चित्त चिंतय सदा चरणौ मुरारेः।
पारं गमिष्यसि यतो भवसागरस्य।।

અર્થાત્ હે ચિત્ત! સદા મુરારિનાં ચરણોનું ચિંત્વન કર, જેથી તું ભવસાગર પાર જઈ શકીશ.

આવી વિરહવ્યથારૂપી ભક્તિની અવિરત ધારા તેમના ચિત્તમાંથી વહ્યા કરતી હતી. એક બાજુ સંસારનાં સંકટોનો વરસાદ વરસતો, તેમાં ચાલી રહેલી કઠિન તપશ્ચર્યા અને બીજી બાજુ ઈશ્વરસાક્ષાત્કારની ભીષણ વ્યથામાં વિદ્યાર્થી તીર્થરામ પોતાનું એકાંતિક જીવન ગાળતા હતા.

તીર્થરામ વિદ્યાભ્યાસમાં અથાગ પરિશ્રમ કરવાની સાથે દરરોજ પ્રભુપ્રાર્થના પણ આર્ત–હૃદયથી કર્યા કરતા. કોઈ વાર પોતાના મકાનમાં, તો કોઈ વાર લાહોરની રાવી નદીને કાંઠે સંધ્યાકાળે અને રાત્રિએ એકલા ફરવા નીકળી પડતા અને પરમાત્માનાં દર્શન માટે ગદ્‌ગદ્ કંઠે અને અશ્રુપૂર્ણ નેત્રે અનેક

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સ્તોત્રો, ભજનો અને ઉર્દૂ કાવ્યો દ્વારા પ્રાર્થના કરતા.

પરમાત્માનું નામ તો એ કદી વિસારે પાડતા નહોતા. હરતાં ફરતાં પણ "હે રામ! હે કૃષ્ણ!" વારંવાર ઉચ્ચારતા. "હે પ્રભુ! શું તું હું પામર પર કૃપા નહિ કરે?" આ જન્મ શું આપનાં દર્શન વિના જ વીતી જશે? ભીલજાતિની શબરી અને કિષ્કિંધાપુરીના વાનરો કરતાં પણ શું મારો અધિકાર નીચો છે? આપ મારા પર શા માટે કૃપા નથી કરતા?" આમ પ્રાર્થના કર્યા કરતા.

તુલસીદાસજીની "વિનયપત્રિકા", ભક્ત કવિ જયદેવનું "ગીત ગોવિંદ" અને સુરદાસનાં ભજનો એમનાં એ અવસ્થાનાં ઈશ્વરોપાસનાનાં પાઠ્યપુસ્તકો હતાં.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સંત તેજાનંદ સ્વામી

કનૈયાલાલ ઝિંઝુવાડિયા

(ગતાંકથી ચાલુ).

આ સમયે અમદાવાદમાં અહમદશાહના વંશ જ સુલતાન અહમદશાહ બીજાની હકુમત ચાલતી હતી.

જે શ્યામ રાત્રિએ દાવાનલ સંસારના દ્વંદ્વોને ફગાવી બ્રાહ્મણ તુલજારામ વિરાટ પ્રેમપંથે પ્રયાણ કરી ગયા, એ ભીષણ અંધારી રાત્રિ વિલિન થઇ ગઇ. પ્રાતઃકાળ થયો. ગઇકાલની જેમ આજે પણ સંતના દર્શન માટે લોકોની મેદની વધી રહી. મહાત્મા ધ્યાનમાંથી સજાગ બને તો કાંઇક સત્સંગ કરવાનો સુયોગ પ્રાપ્ત થાય એવી આશામાં કેટલાક તેમના આસનની આસપાસ વિંટળાઇને બેઠા હતા, પરંતુ સંત તો ધૂણી આગળ આસન માંડી ધ્યાનમાં નિમગ્ન બની રહ્યા હતા.

સૂર્યનારાયણ અસ્તાચળે ગયા. સાયંકાળ થવા આવ્યો. એટલે સંત સાથે સત્સંગ કરવાની આશાએ બેસી રહેલા ભાવિકોની આશાનો પણ અંત આવ્યો. તેઓ સંતને પ્રણામ કરી એક પછી એક ચાલતા થયા. પ્રહર રાત્રિ વીત્યા પછી પહેલાંની જેમ સંત એકલા જ રહી ગયા. સારું વાતાવરણ નિઃશબ્દ અને શૂન્ય બની ગયું.

રાત્રિએ શહેરમાં ફરવા નીકળેલ બાદશાહનો સિપેહસાલાર અચાનક ત્યાં આવી ચડ્યો. ફાગણની હોળીની જેમ ધૂણી ધગધગી રહી હતી અને સાધુ શાંતિથી બેઠા હતા.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

એ દૃશ્ય જોતાં જ પઠાણ સરદારનો મિજાજ હાથ રહ્યો નહીં. તેણે નિકટ આવી સાધુને સંબોધતા આવેશમાં સાદ કર્યો. 'સાંઈ! તમે ક્યાં બેઠા છો તેનું તમને કાંઈ ભાન છે? આ તો નવાબી રાજ્ય છે. દિલ ચાહે ત્યાં આસન જમાવી મહેમાન બની બેસી ગયા છો પરંતુ અહીં તમારા જેવા સાધુઓની જમાત થોભી શકે તેમ નથી.'

આગંતુક ઘોડેશ્વારના શબ્દો શ્રાવણ કરતાં સંત સમજી ગયા કે તે કોણ છે. સંતે ધીમેથી વાચા ખોલી. 'પઠાણ! આ દુનિયા પાક ખુદાયે બનાવેલી છે. એમાં દિલ ચાહે ત્યાં ઘડીભર વિશ્રાંતિ લેવાનો સૌને અધિકાર છે. જેણે સૂર્ય, ચંદ્ર, તારા, જમીન, આસ્માન, નદીઓ અને સમુદ્રો બનાવ્યા, મઝધારથી એ જ ખેવનહાર પાર ઉતારે'

'પઠાણ! તમે એજ પાક ખુદાએ બનાવેલી દુનિયામાં ચાર દિવસ મહેમાન બનીને બંદગી કરવા માટે આવ્યા છો. છતાં એ મહત્ત્વની બાબતને ભૂલી જઈ આજે તમે કે'ર વર્તાવી રહ્યા છો! પરંતુ તમને ખબર નથી કે કયામતના દિવસે એ સાહેબ તમારી પાસે હિસાબ માંગશે. દિલદાર! તે સમયે તમે ઝાર ઝાર અશ્રુ વહાવતા બાળકની જેમ આક્રંદ કરી મૂકશો.'

જાણે શબ્દવેધી બાણ માર્યું હોય તેમ સંતના શબ્દ પ્રહારથી પઠાણના રોમ રોમ વિંધાઈ ગયાં! કાળજામાં તીક્ષ્ણ છૂરી હુલાવી દીધી હોય તેમ ઘાયલ હૃદયે ઘોડા ઉપરથી નીચે ઊતરી પઠાણ સંતના ચરણમાં ઢળી પડ્યો. વિનયથી સંતને પ્રણામ કરી એ પાવન પુરુષના ચરણમાં બેસી અંતરની અભિલાષા વ્યક્ત કરતાં પઠાણ વિહ્વળતાથી બોલ્યો:–

'બાબા! આપે જે હક્કની વાતો કરી તે પાક ખુદાથી હું

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સાચે જ અળગો થઇ ગયો છું. મને એ ગરીબનિવાજથી ન્યારો નહિ રાખો! સાંઇ! એ નૂરે નજરના જલ્વા દેખાડો! એ રહમે સમંદરથી વિખૂટો પડી ગયો છું. મારો એ રબ્બની (ઈશ્વરની) સાથે ફરી મેલાપ કરાવી આપો!' એમ કહેતાં પઠાણ ગદ્‌ગદિત થઇ બાળકની જેમ અશ્રુ વહાવતાં દીન યાચના કરી રહ્યો.

એ પઠાણની પ્રેમ વિહ્વળતા જોતાં સંત ઘડીભર ચકિત થઇ ગયા! મહાભાગ્યશાળી પુરુષ હતો. દયાનિધિ સંત એનો અનુગ્રહ કરવા સ્વસ્થ થયા.

પલ છિનમે જલ્વા પઠાણ કો પાયા,
નૈનસે દરશે સાહિબ નૂર,
તેગ કટારા સબહી છાંડકે,
ચલને લગે દૂર દૂર.
(તેગ–ઘોડો, કટારા–તલવાર)

'બાબા! આપે મને રબ્બના દર્શન પ્રાપ્ત કરાવ્યા. હવે તો હું એ પાક પરવરની બંદગી કરવા માટે વિદાય થઇશ!' આમ કહેતાં પોતાની કમ્મરે બાંધેલાં હથિયારો છોડી તલપાર કટાર વિગેરે આયુધો સંતના ચરણે ધરી દીધાં અને પોતે વિનયથી સંતના ચરણમાં શિર ઝુકાવતા અંતિમ વિદાય માંગી. સંત પોતાનો વરદ હસ્ત એના શિર ઉપર સ્થાપતાં બોલ્યા:–

'બેટા યાકુતખાન! માલિકની બંદગી કરી એક દિવસ તમે સદ્‌ગુરુના ચરણમાં પાછા આવજો. ઈશ્વર તમારી સર્વદા રક્ષા કરે!' આમ કહી સંતે શુભાશિષ આપ્યા. એટલે એ જ ઘડીએ યાકુતખાન વિદાય થઇ ગયા. એમનો ઘોડો તથા હથિયારો એમને એમ ત્યાં જ પડ્યાં રહ્યાં.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

(આ જન્મે જો કોઇ જીવે પૂર્વ જન્મનું થોડું ઘણું ભાથું બાંધી જન્મ લીધો હોય અને સાચા સંતનો મેળાપ થઇ જાય તો તેવા જીવને ઠોકર મારી, માથામાં ટપલાં મારી સંત તેને આગલી મંજિલ ઉપર ચાલવા પ્રેરે છે.)

અમદાવાદ રેડિયો સ્ટેશન ઉપરથી સવારના ભજનના કાર્યક્રમમાં મહાત્મા શ્રી યોગેશ્વરજી રચિત નીચેના ભજનનું વારંવાર પ્રસારણ કરવામાં આવે છે.

"સંત પરમ હિતકારી, જગતમેં સંત પરમ હિતકારી."

સાચે જ સંતોનું આગમન જનહિતાર્થે અવનિપર થએલ હોય છે. યોગ્ય પાત્ર ઉપર સદા સંતોની કૃપા વરસતી રહે છે. જે આપણે સંત શ્રી તેજાનંદ સ્વામીના જીવનમાંથી અનુભવીએ છીએ.

(પાના ૬૧ નું ચાલુ)

છે. આમ કેમ? જવાબ છે. "પૂર્વ જન્મનાં કર્મ." અરે ભાઇ! અમે કર્મ, ધર્મમાં માનતા નથી. નથી માનતા ને? તો ન માનો! તમારા ન માનવાથી એમાં કોઇ ફરક પડવાનો નથી. પોતાના પિતાને, "આજથી તમે મારા પિતા નથી," કહેવાથી પિતા બદલાતા નથી, પિતા તો પિતાજ રહે છે, બદલાઇએ છીએ આપણે, અને તેનું ફળ પણ આપણને મળે છે, લોકો કહેવાના કે, હટ! તું તારા પિતાનો ન થયો તો અમારો શું થવાનો? અને કોઇ આપણને મહત્ત્વ નહીં આપે. પરંતુ આજ્ઞાકારી પુત્રનાં ઘરમાં અને બહાર બધે વખાણ થાય છે. ભક્ત પરમેશ્વરનો પણ પ્રિય હોય છે, અને બહાર આ સમાજમાં, વિશ્વમાં તેનો આદર થાય છે. હવે આપણે આદર મેળવવો કે ગુમાવવો તે આપણા હાથની વાત છે. જો આદર જોઇતો હોય તો રટવા માંડીએ રામ, રામ, રામ, રામ, રામ. (ક્રમશઃ)

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

■ ધાર્યું તો ■

ધાર્યું તો ધરણીધરનું થાય:
તવથી તરણુંય નવ તોડાય,
ધાર્યું તો વિશ્વંભરનું થાય.

અભિમાને તું માને, મૂરખ! મુજથી બધું જ થાય,
અન્ત સમે ક્ષણ એવી આવે ના શ્વાસે લેવાય!
ધાર્યું તો ધરણીધરનું થાય.

ચન્દ્રલોક પર ચરણ ધરીને ફુલણજી ફુલાય,
અનંત બ્રહ્માંડોમાં શશિ તો સિન્ધુ બિન્દુ લેખાય.
ધાર્યું તો વિશ્વંભરનું થાય.

રજકણમાં પણ એની જ રટણા, જલધિજલ લહરાય,
વામન થઈને વિરાટ રાજે, સચરાચર ગીત ગાય.
ધાર્યું તો ધરણીધરનું થાય.

એના એક કટાક્ષે સર્જન પ્રલય અવરથી થાય,
જેના અનુગ્રહથી અધમાધમ, વૈતરણી તરી જાય.
ધાર્યું તો વિશ્વંભરનું થાય.

તવથી તો તરણુંય નવ તોડાય,
ધાર્યું તો ધરણીધરનું થાય,
ધાર્યું તો વિશ્વંભરનું જ થાય.

ડો. રણજીત પટેલ (અનામી)

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પ્રાર્થના

હે મા,
આ મારા મનને શું કહેવું?
એ જાણે છે કે શ્રી ચરણો સિવાય
બીજે ક્યાંય મારો ઉદ્ધાર નથી,
છતાંય એનાથી તારા માટે વ્યાકુળ
કેમ થવાતું નથી?
કેમ!-મન એક માત્ર તારા માટે ટળવળતું નથી.
કેમ? કેમ! હે પ્રિય, તુંજ કંઈક એવું કર
જેથી હું સતત ફક્ત તારા માટે જ
અજંપ બની રહું. ફક્ત તારા એકલા માટે જ.

આશા ભક્ત

ચાણોઠી

નિર્ભયતા

ભારતના રાજકરણમાં મવાળ અને જહાલ પક્ષોના તીવ્ર રસાકસીના વાતાવરણમાં મળનારી તોફાની સૂરત કોંગ્રેસમાં જવા લોકમાન્ય તિલકના મુંબઈથી નીકળવાના દિવસે કોઈએ એમને ચેતવ્યા કે તમારા ઉપર સ્ટેશને હુમલો થવાની યોજના હોઈ એ માટે પોલીસનો પ્રબંધ કરું છું. તરત તિલકે મના કરીને કહ્યું : 'સરકારી સિપાઈઓની મદદ કરતાં મારા દેશબંધુઓના હાથનો માર ખાવાનું હું વધુ પસંદ કરીશ.

ધૂની માંડલિયા

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

રામકૃષ્ણની સાધના ને હૃદયનાથની મૂંઝવણ

નારાયણ હ. જાની

જ્યારે કાલીમંદિરમાં પ્રવેશો પછી ભલે શ્રી રામકૃષ્ણ ત્યાં હાજર ન હોય તોપણ–અને હોય તો તો વિશેષ કરીને તમે ભયભીત થઇ જાઓ, એવો અનુભવ હૃદયનાથને થતો. "આમ છતાં શ્રી રામકૃષ્ણ જગદંબાની પૂજા કરતા હોય ત્યારે શું કરે છે, તે જોવાની લાલચ હું રોકી શકતો નહિ. જ્યાં સુધી મંદિરમાં હું તેમને ખરેખર પૂજા કરતા જોયાં કરતો, ત્યાં સુધી મારા હૃદયમાં તેમને માટે ભક્તિ અને પૂજ્યભાવ ઊભરાતો. પરંતુ હું મંદિરમાંથી જેવો બહાર આવતો કે મામા ખરેખર ગાંડા તો નથી થઇ ગયા? એવી આશંકા મારા મનમાં ઊઠતી. મને થતું કે જો એમ ન હોય તો એમણે આવી ભયંકર વસ્તુઓ પૂજા દરમ્યાન શું કરવા કરવી જોઇએ?" "મથુરબાબુ અને રાણી આ બધું જાણશે તો શું કહેશે, એનો મને ભય લાગતો. આમ છતાં રામકૃષ્ણને તેની કોઇ ચિન્તા ન થતી. કંઇ ન વર્ણવી શકાય એવા ભયને લીધે, હું એમની સાથે વધુ વાતચીત કરવાની હિમ્મત કરી શકતો નહિ. અમારી પરસ્પર વચ્ચે જાણે કોઇ પ્રકારનો અંતરાય ઊભો થઇ ગયો હોય એમ મને લાગતું. એટલે હું બની શકે તેટલી સારી રીતે, મૂંગો મૂંગો એમની સંભાળ રાખ્યા કરતો પરંતુ મને ભય રહેતો કે એક દિવસ એમનો ભવાડો ચોક્કસ થશે."

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હૃદયનો આ પ્રકારનો ભય સકારણ હતો. આ સંબંધે તે વધુમાં લખે છે કે તે સમય દરમ્યાન રામકૃષ્ણની આંખો ને છાતી, દારૂડિયાની જેમ, હંમેશાં રાતીચોળ રહેતી. તેઓ પૂજાના પાટલા ઉપરથી ચક્કર મારીને ઊભા થઇ, વેદી ઉપર ચઢી જઇ, મા જગદંબાની મૂર્તિની હડપચીપર ખૂબ ભાવપૂર્વક બચી ભરી લેતા. પછી એની સાથે હસતા, ગીત ગાતા, વાતો કે મજાક કરતા, તો વળી કોઇ વખત જગદંબાનો હાથ પકડી નાચવા લાગતા. જ્યારે તેઓ ભોજનનો થાળ જગદંબાને ધરાવતા ત્યારે પોતાની બેઠક ઉપરથી અચાનક ઊભા થઇ જઇ, હાથમાં થાળીમાંથી કઢી–ભાતનો કોળિયો લઇ, જગદંબાના મુખને અડાડી કહેવા લાગતા, "મા તું આ ખાને!" પછી પાછું કહેવા લાગતા, "હું પહેલાં ખાઉં પછી તું થોડું ખાઇશ? ભલે, તો લે હું હવે ખાઉં છું." એમ કહી પોતે ખાવા લાગતા અને પછી થોડો વધેલો જગદંબાના મુખ આગળ ધરીને કહેવા લાગતા, "મેં હવે ખાધું છે, માટે તું હવે ખા."

"એક દિવસ એવું બન્યું કે ભોજનનો થાળ જગદંબાને ધરાવતા હતા ને રામકૃષ્ણે બિલાડીને મંદિરમાં જોઇ. એ ક્યાંકથી ફરતી મંદિરમાં આવી ચડેલી. એમણે મા જગદંબાનો પ્રસાદ એને, ભગવતી સ્વરૂપ માની, હે મા તું ખાઇશ" એમ કહી ખવડાવી દીધો.

વિશ્વની રચના અને સંહાર કરતી પરમ રુદ્રશક્તિ, જેની સાથે વિનોદ ને કૃપા માટે બાળકની જેમ જીદ કરી શકાય, એવી લાડ લડાવતી માતા વ્યાપક છે–આપણી આસપાસની હવામાં, મંદિરની મૂર્તિમાં અને પેલી ભટકતી બિલાડીમાં. શ્રી રામકૃષ્ણ સનાતન સત્યોનું આચરણ પોતાના વ્યવહારમાં

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

કરી બતાવતા, આનાથી મંદિરના ધર્મચૂસ્ત અધિકારી ગુસ્સે થાય એમાં નવાઇ ન હતી! આથી તેઓએ મથુરબાબુ જેઓ તે વખતે દક્ષિણેશ્વરમાં હાજર ન હતા તેમને ફરિયાદ કરતો સંદેશો મોકલાવ્યો. એના પ્રત્યુત્તરમાં મથુરબાબુએ કહેવડાવ્યું કે તેઓ જલદીથી જાતે આવીને જોઇ નિર્ણય કરશે. ત્યાં સુધી રામકૃષ્ણ જે રીતે પૂજા કરતા હોય તે રીતે કરવા દેવી. તે પછી ટૂંક સમયમાંજ, અગાઉથી કહેવડાવ્યા સિવાય મથુરબાબુ દક્ષિણેશ્વર આવ્યા. તેઓ સીધા મંદિરમાં ગયા જ્યાં રામકૃષ્ણ મા જગદંબાને ભોજનનો થાળ ધરાવી રહ્યા હતા. એ જોતાંજ મથુરબાબુને પ્રતીતિ થઇ ગઇ કે આ કોઇ ગાંડપણ નહિ પરંતુ ઉચ્ચ ભક્તિ છે. એથી એમણે આદેશ આપ્યો કે કોઇપણ સંજોગોમાં રામકૃષ્ણ જે કરતા હોય તેમાં કોઇએ ખલેલ પહોંચાડવી નહિ. એમણે દક્ષિણેશ્વરથી પાછા ફરી રાણી રાસમણિને કહ્યું કે "મા જગદંબાની હવે સારી રીતે પૂજા થઇ રહી છે."

પરંતુ મથુરબાબુ અને એમનાં સાસુને રામકૃષ્ણમાં જે પૂર્ણ વિશ્વાસ હતો તે કપરી કસોટીએ ચઢ્યો. એક દિવસ એવું બન્યું કે રાણી દક્ષિણેશ્વર આવ્યાં. તેઓ ગંગામાં સ્નાન કરી, મંદિરમાં પૂજા કરવા માટે ગયાં. તે વખતે રામકૃષ્ણ કાલી મંદિરમાં જ હતા. રાણીએ તેમને મા કાલીની સ્તુતિરૂપ કોઇ ભજન ગાવાનું કહ્યું કારણ કે રામકૃષ્ણ ખૂબ સરસ રીતે ને ભક્તિભાવપૂર્વક આવાં ભજન ગાતા.

રામકૃષ્ણે થોડા વખત માટે ભજન ગાયું પછી એ અટકી ગયા અને રાણી તરફ ફરીને ગુસ્સે થઇને બોલ્યા, "અહીં પણ આવા વિચાર કરતાં તને શરમ નથી આવતી?" આમ કહી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

રાણીના મોઢા ઉપર એકદમ તમાચો ચોડી દીધો!

આથી તુરત જ ખળભળાટ મચી ગયો. રાણીની સાથે આવેલી દાસીઓ મદદ માટે બૂમો પાડવા લાગી. આ સાંભળી દરવાન અને મંદિરના બીજા અધિકારીઓ, રામકૃષ્ણને પકડીને મંદિર બહાર તગડી મૂકવા માટે, દોડતા આવી પહોંચ્યા. આ માટે તેઓ રાણીના હુકમની રાહ જોવા લાગ્યા. પરંતુ રાણી પોતે તો તદ્દન શાંત રહ્યાં. ને રામકૃષ્ણ હવે તદ્દન શાન્તિપૂર્વક હસતા હતા. રાણીએ અધિકારીઓને કહ્યું. "એમાં એનો દોષ નથી. એને એકલા રહેવા દો."

કારણ કે તેઓ જાણતાં હતાં કે રામકૃષ્ણે તેમને શા માટે તમાચો માર્યો. તે વખતે ભજન સાંભળવાને બદલે, જે દીવાની દાવામાં તેઓ સંડોવાયેલા હતાં તેનો તેઓ વિચાર કરતાં હતાં. એમને આશ્ચર્ય એ વાતનું થયું કે એમના મનમાં શું ચાલી રહ્યું છે, એની રામકૃષ્ણને શી રીતે જાણ થઇ! પાછળથી એમની દાસીઓએ રામકૃષ્ણની આ ઉદ્ધતાઇભર્યા વર્તન અંગે પૂછ્યું ત્યારે રાણીએ ખૂબ ગંભીરતા અને નમ્રતાપૂર્વક કહ્યું, "તમે એ નહિ સમજો—મને શિક્ષા કરનાર બીજું કોઇ નહિ પણ ખૂદ મા જગદંબા પોતે હતી. એણે મારા હૃદયને જાગ્રત કર્યું. અને આ વિષે ફરી કોઇવાર ઉલ્લેખ ન કરવા એમને કડક સૂચના આપી."

(શ્રી ક્રિસ્ટોફર ઇશરવુડના "રામકૃષ્ણ અને તેમના શિષ્યો"ના આધારે)



CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ગીતાનું નામ શ્રીમદ્ ભગવદ્ગીતા શા માટે

લે. યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

સંસ્કૃત ભાષામાં તથા ભારતની અન્ય ભાષાઓમાં ગીતા નામથી ઓળખાતા અનેક પુસ્તકો છે તે શ્રીમદ્ ભગવદ્ગીતાની અત્યંત વ્યાપક લોકપ્રિયતા દર્શાવે છે. કોઇપણ વ્યક્તિ અત્યંત પ્રખ્યાત થાય ત્યારે એ વ્યક્તિના નામ પરથી સંતાનોનાં નામ પાડવામાં આવે છે તેમ શ્રીમદ્ ભગવદ્ગીતા અત્યંત લોકપ્રિય થવાથી ગીતા નામ સાથે જોડાયેલા અનેક ગ્રંથો અસ્તિત્વમાં આવ્યા છે. મહાભારતમાં શ્રીમદ્ ભગવદ્ગીતા છે, તો એજ મહાભારતના શાન્તિપર્વમાં અનુગીતા છે. હિન્દીમાં રામચરિતમાનસમાં તુલસીદાસજીએ બે રામગીતા રજૂ કરી છે, પરંતુ વિદ્વાનોએ રામચરિત માનસમાં પાંચ કે સાત ગીતાઓ હોવાના દાવા કર્યા છે. કોઇપણ ગ્રંથમાં ચિન્તનાત્મક તથા માર્ગદર્શક એવું ઉપદેશાત્મક લખાણ હોય તેને ગીતા નામ આપવાની એક પ્રણાલિકા શરૂ થઇ હોવાથી ગીતા નામ ધરાવનાર પુસ્તકોનો કોઇ પાર નથી.

ગીતા શબ્દનો અર્થ ગાયેલી એવો થાય છે. તો શું મહાભારતના યુદ્ધમાં અર્જુન અને શ્રીકૃષ્ણે ગાયન ગાઇને એ ગાયનમાં ગીતા રચી હતી? ગીતામાં મુખ્યત્વે અનુષ્ટુપ્ છંદ છે. આ ઉપરાંત ઇન્દ્રવજ્રા તથા ઉપેન્દ્રવજ્રા જેવા છંદો પણ છે. આમાંય અનુષ્ટુપ્ છંદમાં રચના કરવાનું અત્યંત સરળ છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સંસ્કૃત ભાષા ઉપર કાબૂ ધરાવનાર કોઈપણ વ્યક્તિ આ અનુષ્ટુપ્ છંદમાં સરળતાથી પોતાનું વક્તવ્ય રજૂ કરી શકે છે. વળી આ અનુષ્ટુપ્ છંદ લગભગ ૩૨ રાગોમાં ગાઈ શકાય છે. વાલ્મિકી મુનિએ રામાયણની રચના કરી ત્યારે લવકુશે એ રામાયણ વીણા ઉપર ૩૨ રાગમાં ગાઈને શ્રી રામચંદ્ર સમક્ષ રજૂ કરી હતી.

જ્યાં ગાયન હોય–ગીત હોય એની એક નિશાની એ છે કે એમાં રસનો આવિર્ભાવ તો હોય જ, પણ આ ગનિમય ગીતાની વિશેષતા એ છે કે એમાં ભરતમુનિએ વર્ણવેલા આઠેય રસ–શૃંગાર, હાસ્ય, કરુણ, રુદ્ર, વીર, ભયાનક, બિભત્સ તથા અદ્‌ભુત રસ છે અને એ બધાય રસ અન્તમાં નવમા રસમાં–શાન્ત રસમાં પરિણમે છે. અહીં શૃંગારનું સર્વોત્તમ સ્વરૂપ શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેના પ્રેમરૂપે થયું છે. પ્રેમ વગર શૃંગારરસનો કોઈપણ પ્રકાર સંભવી શકતો જ નથી. શ્રીકૃષ્ણ તથા અર્જુન વચ્ચેનો સંબંધ પિતા–પુત્ર જેવો, બે મિત્ર જેવો, પ્રિયતમ અને પ્રિયતમા જેવો હતો એમ અર્જુને જ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે. આ છે ગીતાનો શૃંગાર રસ. અર્જુન જ્યારે કેટલીક દલીલો કરે છે ત્યારે આપણને પણ હસવું આવે છે અને શ્રીકૃષ્ણ માત્ર હસીને જ નહીં પણ પડઘા પડે એમ જોરથી હસીને જવાબ આપે છે. (પ્રહસન્ ઈવ ભારત) હસીને તેઓ અર્જુનને હીજડો પણ કહે છે! અર્જુન આંખમાં આંસુ સાથે બેસી જાય છે ત્યાં કરુણ રસ એની આંખોમાંથી છલકાય છે. વિરાટરૂપમાં રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ તથા અદ્‌ભુત એમ પાંચેય રસ વ્યક્ત થયા છે. અને અન્તે 'આપ કહેશો તેમ હું કરીશ' એમ અર્જુન કહે છે એમાં શાન્ત રસ વ્યક્ત થાય છે.

આમ ગીતા ગીત છે પણ વિશિષ્ટ પ્રકારનું ગીત છે અને

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

વિશિષ્ટ પ્રકારની ગીતા છે.

ગીતાનો ઉલ્લેખ કેટલાક ગ્રંથોમાં અર્જુનગીતા તરીકે કરવામાં આવ્યો છે. ગીતામાં મોટાભાગના શ્લોકો અર્જુન નથી બોલ્યો પણ ભગવાન શ્રીકૃષ્ણે ઉચ્ચાર્યા છે. જે મુખ્ય હોય એના પરથી નામ પાડવામાં આવે એવો સંસ્કૃતમાં નિયમ છે. (પ્રાધાન્યેન વ્યપદેશા ભવન્તિ) પણ અર્જુનગીતા એવું નામ શા માટે? અર્જુનગીતા એટલે અર્જુન માટે, અર્જુનને સંબોધીને રજૂ થયેલી ગીતા એવો અર્થ પણ કેટલાકે કર્યો છે. રામચરિત માનસના ઉત્તરકાંડમાં પુરજનગીતા છે. શ્રીરામચંદ્રે અયોધ્યાના નગરવાસીઓ સમક્ષ જે ઉપદેશ આપ્યો હતો તે પુરજનગીતા તરીકે ઓળખાય છે. પણ આ અર્જુનગીતા નામ લોકપ્રિય થઈ શક્યું નહીં. સાંભળનાર મોટો કે સંભળાવનાર મોટા? એટલે આ ગ્રન્થનું નામ અર્જુનગીતા ધીમે ધીમે અદૃશ્ય થયું.

ભગવદ્‌ગીતા–એટલું નામ રાખીએ તો ન ચાલે? ના. સંસ્કૃતમાં ભગવદ્‌ગીતા સમાસ છૂટો બે રીતે પાડી શકાય છે. ભગવાને ગાયેલી ગીતા અથવા ભગવતી દેવીએ ગાયેલી ગીતા એટલે ગીતાને માત્ર ભગવદ્‌ગીતા કહેવાથી અર્થ બરાબર સ્પષ્ટ થતો નથી.

ભગવદ્‌ગીતા–નો અર્થ ભગવાને ગાયેલ ગ્રંથ એવો અર્થ કરીએ તો મહાભારતમાં અન્યત્ર પણ ઉપદેશ આપેલો છે પણ તે ગૌણ હોવાથી એને અલગ દર્શાવવા તથા તે મહાભારતના પાછળના ભાગમાં હોવાથી ભગવદ્‌ગીતા નહીં પણ અનુગીતા તરીકે ઓળખાય છે. એ ગીતા પણ અર્જુનને જ ઉદ્દેશીને રજૂ થઈ હોવા છતાં તે અર્જુનગીતા પણ નથી કહેવાઈ, પણ અનુગીતા જ કહેવાઈ છે.

સંસ્કૃતમાં શ્રી–ના અનેક અર્થ થાય છે. શ્રી ક્રિયાપદ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તરીકે રાંધીને તૈયાર કરવું એ અર્થમાં વપરાય છે. અહીં ભારતીય તત્ત્વજ્ઞાનરૂપી અનાજમાંથી કચરો, કાંકરીઓ દૂર કરી, બરાબર ચર્ચાવિચારણાથી એને રાંધીને–રેડીમેડ ફિલસૂફીના-રૂપમાં રજૂ કરાયેલ છે એટલે શ્રીમત્–શ્રીમદ્ શબ્દ શરૂઆતમાં લગાડેલ છે. શ્રી ક્રિયાપદનો બીજો અર્થ પ્રકાશ ફેલાવવો એવો થાય છે. ભગવદ્ગીતા જ્ઞાન, ભક્તિ તથા કર્મનો ત્રિવિધ પ્રકાશ ફેલાવતી હોવાથી એની શરૂઆતમાં શ્રીમત્–શ્રીમદ્ શબ્દ લગાડવામાં આવ્યો છે. શ્રીનો અર્થ સમૃદ્ધિ પણ થાય છે. અહીં જીવનની ફિલસૂફીરૂપી સૂક્ષ્મ સમૃદ્ધિ રજૂ કરવામાં આવી હોવાથી ભગવદ્ગીતા પહેલા શ્રીમત્–શ્રીમત્ (સમૃદ્ધિવાળી) એ શબ્દ રખાયો છે. શ્રી એટલે સૌન્દર્ય. અહીં વિચારોનું સૌન્દર્ય–માધુર્ય વ્યક્ત થયું હોવાથી ભગવદ્ગીતા અગાઉ શ્રીમત્–શ્રીમદ્ શબ્દ લખાય છે. શ્રી ગૌરવ દર્શાવવા વપરાય છે. આ ભગવદ્ગીતા ગૌરવમય હોવાથી તેની અગાઉ શ્રીમત્–શ્રીમદ્ શબ્દ લખાય છે. કોઇપણ સદ્ગુણ માટે શ્રી લખાય છે. બુદ્ધિ તથા સમજ પણ શ્રી કહેવાય છે. ધર્મ, અર્થ અને કામ પણ સંયુક્ત રીતે શ્રી કહેવાય છે. સરસ્વતીનું પણ એક નામ શ્રી છે. આમ આ બધા ગુણવાચક અર્થોનો સમાવેશ ભગવદ્ગીતામાં થયો હોવાથી તે શ્રીમદ્ ભગવદ્ગીતા કહેવાય છે.

વળી ભગવદ્ગીતાના તમામ સંસ્કૃત ટીકાકારોએ તથા પ્રત્યેક અધ્યાયને અન્તે આવતી પુષ્પિકામાં પણ ભગવદ્ગીતા શબ્દની આગળ શ્રી ધરાવતી અર્થાત્ શ્રીમત્–શ્રીમદ્ શબ્દ લગાડાતો હોવાથી હિંદુધર્મના પ્રાણસ્વરૂપ આ વિશ્વગ્રંથ શ્રીમદ્ ભગવદ્ગીતા તરીકે ઓળખાય છે. અને ગીતાનું પૂરું અને સાચું નામ શ્રીમદ્ ભગવદ્ગીતા જ છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પ્રેરક પ્રસંગો

પુનિત પદરેણુ

ડાકોરમાં અમદાવાદના મિલમાલિકના શ્રીમંત નબીરાઓ પુનિત મહારાજને મળ્યા. એક ઉદ્ધત યુવાને મહારાજને તેમની માસિક આવક પૂછતાં મહારાજે રૂ. ૧૦૦ જણાવી. પેલાએ મહારાજને વડીલોપાર્જિત મિલ્કત અંગે પૂછ્યું. મહારાજ તેનો ઈરાદો સમજી ગયા અને આવા પ્રશ્ન પૂછવાનો હેતુ જણાવવા સૂચના કરી. પેલો ઉદ્ધત બોલ્યો, "તમે યજ્ઞ કરો છો, પ્રવાસ કાઢો છો, અન્ય કાર્યક્રમ કરો છો તેના પૈસા કોની તાકાત પર કાઢો છો?" મહારાજે તે યુવાનને તેના ખર્ચાળ જીવન અંગે ખર્ચ ક્યાંથી નીકળે છે તેવો સામો સવાલ પૂછ્યો. પેલાએ ગર્વભેર પોતે મિલમાલિકનો પુત્ર હોવાનું જણાવ્યું. ત્યારે મહારાજે કહ્યું, "તમારા પિતાને બે–ત્રણ મિલ હશે, પરંતુ મારો પિતા તો મિલમાલિકોનો પણ બાપ છે. તેનાં ચરણો આગળ મિલમાલિકો આળોટે છે અને ભીખ માગે છે, એવા માલિક રાજા રણછોડનો હું પુત્ર છું. મહારાજની ખુમારી જોઈ પેલો યુવાન તો ઠરી જ ગયો.

યાત્રા–પ્રવાસનો હિસાબ મહારાજ પૂરેપૂરો રાખતા, ખર્ચ કાળજીપૂર્વક કરતા. ડાકોરની પદયાત્રા કરીને વધેલી રકમ દરેક યાત્રીને સરખેભાગે વહેંચી દેતા. આ પ્રથા માત્ર પુનિત મહારાજે જ અપનાવી હતી તેથી ડાકોરની પદયાત્રામાં લોકો હર્ષભેર જોડાતા. યાત્રા દરમિયાન જે ગામે મુકામ હોય તે ગામ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ભક્તિધામ બની જતું. રાત્રે ભજન કર્યા પછી બધા સૂઇ જતા. મહારાજ દરેકની પાસે જઇ કોઇને કોઇ પણ પ્રકારની મુશ્કેલી નથી તેની ખાતરી કર્યા પછી સૂઇ જતા. એક વડીલ સ્નેહીની માફક મહારાજ બધાની કાળજી રાખતા.

* * * * *

પુનિત મહારાજના સંઘને એકવાર મહુધાના શ્રદ્ધાળુ સત્સંગીઓએ રોક્યો. વ્યવસ્થાની જવાબદારી ચંદુલાલ ગણપતરામ દેસાઇએ સ્વીકારી. તેમણે ચારસો માણસોની જમવાની વ્યવસ્થા કરી. પરંતુ મહારાજ સાથે સાતસો માણસો જોઇ રાવસાહેબ ગભરાઇ ગયા. મહારાજ પરિસ્થિતિ અને તેમની મુશ્કેલી સમજી ગયા. તેમણે ભગવાન પર ભરોસો રાખી પંગત પાડવા કહ્યું. એકી સાથે સાતસો માણસોની પંગત પડી. પ્રભુને થાળ ધરાયો. રસોઇ પીરસાણી. ટેવ મુજબ મહારાજ દરેકને આગ્રહ કરીને જમાડતા. તેથી રાવસાહેબની ચિંતા વધી પડી. મહારાજે હવે રાવસાહેબને આગ્રહ કરી જોવા લાડુનો થાળ પકડાવ્યો. પહેલાં તો રાવસાહેબને મનમાં વિચાર આવ્યો કે મહારાજ મારે હાથે જ મારી ફજેતી કરાવવા માગે છે, પરંતુ "પોતાના ભક્તની આબરૂ ભગવાનને વધારે વહાલી છે." એવા મહારાજના શબ્દોપર રાવસાહેબની શ્રદ્ધા દૃઢ થઇ અને હરિ સ્મરણ કરીને ઉમંગભેર આગ્રહ કરીને બધાંને પીરસવા માંડ્યું. બધાં ધરાઇને જમ્યા પછી સો માણસો જમે તેટલી રસોઇ વધી. રાવસાહેબ તો મહારાજની ઈશ્વર ઉપરની અટલ શ્રદ્ધા અને પ્રભુના ચમત્કારથી પ્રભાવિત થઇ ગયા અને અત્યંત હર્ષ પામ્યા.

* * * * *

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મહારાજની મોટી પુત્રી તારાના લગ્નનો પ્રસંગ આવ્યો. મહારાજની પાસે કશી બચત ન હોવાથી મૂંઝાયા. પરંતુ નરસિંહ મહેતાના શામળશાના વિવાહમાં પ્રભુએ સહાય કરી હતી તેમ પોતાની દીકરીના લગ્નમાં રણછોડરાય સહાય કરશે એવી શ્રદ્ધા થઇ.

સંઘ લઈને ડાકોર જવાનું થયું ત્યારે રણછોડરાયને ચિંતા સોંપી પોતે હળવા થઇ ગયા. મહારાજે લગ્નમાં બાપાને નિમંત્રણ આપ્યું. સૌ ભક્તોને પણ જાહેરમાં લગ્નમાં પધારવા નિમંત્રણ આપ્યું. લગ્ન ધંધુકામાં રાખેલ. અમદાવાદ અને અન્ય ગામોમાંથી માણસો આવવા લાગ્યા.

રેશનીંગના એ જમાનામાં સાતસો માણસોની રસોઇ થાય તે કેટલાક ઈર્ષાળુને ખટક્યા વિના કેમ રહે? આવા એક માણસે મહારાજ પાસે આવીને "સવાર–સાંજ સાતસો માણસોની રસોઇ થાય તે ચલાવી લેવાશે નહિ" અને મહારાજને ગંભીર પરિણામની ચેતવણી આપી. પત્ર દ્વારા અમદાવાદ કલેક્ટરને જાણ કરી અને આ જમણ બંધ રહે તેવો પ્રબંધ કરવા વિનંતિ કરી.

તેણે જમણવારના સ્થળે ઉપવાસનું ત્રાગુ કર્યું, અને કોઇ સમજાવવા આવે તો જવાબ આપવો ન પડે તે માટે મૌન ધારણ કર્યું, મહારાજે જરાયે મચક ન આપતાં પેલાએ સત્યાગ્રહ (દુરાગ્રહ જ કહેવાય) પાછો ખેંચી લીધો, પરંતુ મહારાજને ખુલ્લા પાડવા રાત્રે જાહેર સભા યોજી.

કલેક્ટરનો જવાબ આવ્યો કે લગ્નની સાથે યજ્ઞ છે અને તેથી તે ધાર્મિક કાર્યમાં પ્રસાદ લઇ શકે છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ઈશ્વરને કરવું તે પેલા ભાઈની વાચા જ સમૂળી બંધ થઈ ગઈ. દેશી વિલાયતી અનેક ઉપચારો કર્યા પણ વ્યર્થ ગયા. તેણે માન્યું કે રાત્રે સભામાં બોલી શકાશે. રાત્રે સભામાં બોલવા ઉભા થતા કશું જ બોલી શકાયું નહિ. તેની ફજેતી થઈ.

લગ્નપ્રસંગ ઈશ્વરકૃપાથી સુંદર રીતે પરિપૂર્ણ થઈ ગયો. મહારાજે રણછોડરાયનો આભાર માન્યો. પેલા ભાઈને લઈને તેના પિતા મહારાજ પાસે આવ્યા અને તેને ક્ષમા આપવા વિનંતી કરી. મહારાજે તેને પ્રભુનું ચરણામૃત પાવા તથા ઈશ્વરકૃપાથી તેની વાચા પાછી આવી જશે એમ કહ્યું. અને બન્યું પણ તેમ જ.

(ક્રમશઃ)

દુઃખદ દુર્વાસનાતણો, કરવો પૂરો ત્યાગ;
સર્વ સ્પૃહાઓ ત્યાગવી, રાખી સુદૃઢ વિરાગ.

નાથભગવાન્

IS:10001





ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

બિનુ સતસંગ વિવેક ન હોઈ

સંકલન : મમતા પી. ભાટિયા

न हयम्मयानि तीर्थानि न देवा मृच्छिलामयाः।
ते पुनन्त्युस कालेन दर्शनादेव साधवः।।

(શ્રીમદ્ ભાગવત)

જળાશયને કિનારે આવેલાં પવિત્ર તીર્થો અને માટી કે પથ્થરના બનેલા દેવો તો લાંબા સમય પછી માણસનું કલ્યાણ કરે છે. પરંતુ સંતપુરુષો દર્શન માત્રથી જ કલ્યાણ કરે છે.

રાજકોટના વતની એક ભાઈને પાનાં રમવાનો ભારે શોખ. આપણે અહીં તેમને સંજીવભાઈ તરીકે ઓળખીશું. રોજ સાંજે બરાબર પાંચને ટકોરે તેઓ અચૂક જિમખાનામાં હાજર થઈ જાય.

તેમનો ધંધો વકીલાતનો, એટલે કોર્ટમાં તો નિયમિત રીતે ગયા વિના ચાલે નહિ. પરંતુ રોજ ઘડિયાળમાં જેવા પાંચ વાગે કે તરત જ સંજીવભાઈ ખુરશીમાંથી ઊભા થઈ જાય અને ન્યાયધીશ પાસે જઈને કહી દે : "સાહેબ! મારા કેસની મુદત આવતી કાલની સવારની નાંખી દેશો! હું હવે જઈશ."

ન્યાયધીશ પણ સંજીવભાઈની 'રમી' રમવા માટેની ઘેલછા જાણે. એટલે તેઓ સામી દલીલ કર્યા વિના તેમને રજા આપી દે.

સંજીવભાઈએ 'નિશાળમાંથી નીસરી જવું પાંસરું ઘેર' એ કવિતાની કડીને પોતાના આગવા સૂત્રમાં ફેરવી નાંખી હતી.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આ સૂત્ર હતું 'કોર્ટમાંથી નીકળી, જવું પાંસરું જિમખાને.' તેમના આ સૂત્રને બદલવાની કોઇ પાસે શક્તિ ન હતી. એ શરૂઆતમાં બિલિયર્ડ કે ટેનિસ રમવામાં સમય પસાર કરે. રાતના નવ વાગ્યે એટલે રમી રમવા પાનાં હાથમાં લે. એમને ગમ્મત ખાતર શરૂ કરેલો એ શોખ ધીરે ધીરે વ્યસનમાં–આદતમાં પલટાઇ ગયો,–એટલે સુધી કે સૂર્ય ઊગવાનું ચૂકે તો સંજીવભાઇ પાનાં રમવાનું ચૂકે.

આવા અઠંગ પાનાં રમનારને કોઇ ગ્રહદશા લાગી ગઇ. તેથી એ જુગારમાં હંમેશા હારતા જ ગયા. એમની જીતવાની લાલસા અને પ્રબલ મોહ એટલાં બધાં વધી ગયાં કે એ રાતભર રમવા લાગ્યા. તેઓ પાંચ વરસમાં પણ ક્યારેય જીત્યા જ નહિ. અને છતાં રમતા જ રહ્યા.

ઘણી વાર કોઇક શુભ ક્ષણે એમને વિચાર આવે કે આ સારું નથી થતું. હવે તો મારે આ છોડી જ દેવું જોઇએ. છતાં રોજ ઘડિયાળનો કાંટો જેવો પાંચ તરફ સરકવા લાગે કે તરત સંજીવભાઇ જ્યાં હોય ત્યાંથી ઊભા થઇ જાય અને જિમખાના તરફ ચાલવા માંડે.

શાસ્ત્રો કહે છે કે ભગવાન જ્યારે તેમને કોઇક જીવ માટે ભક્તિમાર્ગનો દરવાજો ખુલ્લો મૂકવો હોય ત્યારે ઘણી વાર એના જીવનમાં પ્રતિકૂળ સંજોગો ઊભા કરે છે. ભગવાન જ્યારે જીવ પર કૃપા કરે છે ત્યારે તેને સાચા સંતનો સંગ આપે છે, સંપત્તિ નહિ પણ સન્મતિ આપે છે. આ વાત સંજીવભાઇના જીવન માટે અક્ષરશઃ સાચી પડી.

એક દિવસની વાત. રવિવારનો દિવસ એટલે કોર્ટ બંધ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હતી. સવારના અગિયારેક વાગ્યે સંજીવભાઇ પોતાના એક મિત્ર સાથે ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં આ બન્ને કુવાડવાની સડક પર જઇ ચડયા. બેય મિત્રોને થયું : 'આપણે આજે અનાયાસે આટલે સુધી આવ્યા છીએ તો ચાલો, શ્રી રણછોડદાસજી બાપુના આશ્રામમાં જઇને તેમનાં દર્શન પણ કરતા જઇએ.'

તેમનાં નસીબ સારાં, એટલે આશ્રામમાં પગ મૂકતાં જ સાંભળ્યું કે બાપુ પણ આશ્રામમાં બિરાજે છે. પૂજ્યશ્રીના પવિત્ર શરીરનો સ્પર્શ પામીને મંગળમય બનેલી હવા એ આશ્રામમાં ચોમેર શાંત વાતાવરણ ઊભું કર્યું હતું. એ અલૌકિકતાથી પ્રભાવિત થયેલા સંજીવભાઇના પગ અનાયાસ કૂવા તરફ વળ્યા. તેઓ સરખી રીતે હાથમોઢું ધોઇને, મનમાં પવિત્ર બન્યાનો સંતોષ મેળવીને પૂજ્યશ્રીના દર્શન માટે ચાલ્યા. ત્યારે ગુરુમઢીની ઓસરીમાં પૂજ્યશ્રીનું પ્રવચન ચાલતું હતું. આસપાસ કેટલાક ભક્તો બેઠેલા.

આ બન્ને જણા અજાણ્યા, એટલે તેઓ પ્રણામ કરીને ચૂપચાપ પાછળ જઇને બેસી ગયા. એ બન્ને બેઠા કે તરત જ તેઓશ્રી પ્રવચનનો ચાલુ વિષયં અટકાવીને સંજીવભાઇ પર દૃષ્ટિપાત કરીને બોલ્યા :

'દેખો ખુદકો બરબાદ કરના હો તો જુઆ ખેલો.'

'અપને પરિવાર કો પાયમાલ કરના હો તો સટ્ટા ખેલો.'

'ઔર અપને સ્વાસ્થ્યકો ખુવાર કરના હો તો દારૂ પીઓ.'

સંજીવભાઇની દશા મુદ્દામાલ સહિત પકડાઇ ગયેલા ચોર જેવી થઇ ગઇ. પૂજ્યશ્રીની નજર સાથે નજર મેળવવાની

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પણ એમની હિંમત ન રહી. એ મનોમન સવાલ જવાબ કરવા લાગ્યા : 'આ સંતપુરુષને શી રીતે ખબર પડી ગઇ કે હું રોજ જુગાર રમવા જાઉં છું? જરૂર આ કોઇ સિદ્ધ યોગી હોવા જોઈએ.'

ત્યાર પછી પૂજ્યશ્રીએ ચામડા વિષે વિવેચન કરતાં કહ્યું : 'ચમડા આતે અપવિત્ર વસ્તુ હે. ચમડા કહીં ભી પહનને સે વિચારોમેં બહુત બૂરા પરિવર્તન હોતા હે. યદિ આપ લોગ ઇસ બાતકો ન માને તો જો મનુષ્ય ચમડા પહનતા હે ઉસકે ઔર જો ચમડા નહિ પહનતા હે ઉસકે દોનોં કે આચાર ઔર વિચારોંકો બારીક નિગાહસે દેખિયે. આપ લોગ ફૌરન દેખ સકેંગે કે જો આદમી ચમડા નહિ પહનતા હે ઉસકે પરમાણુ શુદ્ધ ઔર પવિત્ર હૈં.'

સંજીવભાઇ આ બધું એક ચિત્તે સાંભળી રહ્યા હતા. એમણે માથા પર જે ટોપી પહેરી હતી તેમાં ચામડાનો પટ્ટો હતો તે એમને યાદ આવી ગયું.

ભક્તો એક પછી એક આવતાજતા હતા. જગ્યા સાંકડી. તેથી સર્વે ભક્તોનો એક સાથે સમાસ થઇ શકે તેમ નહોતું. એટલે નવા આવેલા ભક્તોને જગ્યા કરી આપવા આ બંને જણા પ્રણામ કરીને ઊભા થયા અને બહાર ગયા. સંજીવભાઇએ બહાર ગયા પછી પહેલું કામ પોતાની ચામડાના પટ્ટાવાળી ટોપી ફેંકી દેવાનું કર્યું.

એમણે બપોરના એક વાગ્યે આશ્રામમાં પગ મૂક્યો હતો. અત્યારે પાંચ વાગવા આવ્યા હતા, છતાં તેમને રોજની જેમ પાનાં રમવા માટે જિમખાના તરફ જવાનું મન થતું નહોતું. એ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

વિચારતા હતા : 'આ સંતપુરુષ કેવા દયાળુ છે! કેટલા મહાન છે!' એમણે મનમાં વિચાર અને મગજમાં ગડમથલ લઈને આશ્રામમાં ફરવા માંડયું. થોડીવાર પછી પૂજ્યશ્રી હાથમાં કમંડળ લઈને એ બન્ને જણા પાસેથી નીકળ્યા. સંજીવભાઈ શ્રીચરણોમાં દંડવત્ પ્રણામ કરતાં બોલી ઊઠયા : 'બાપુ! આજે આપનો સદુપદેશ સાંભળીને મારું કલ્યાણ થઈ ગયું.'

પૂજ્યશ્રી મધુરું હસ્યા. એમણે સંજીવભાઈના માથા પર સ્નેહથી હાથ ફેરવ્યો અને પછી આગળ નીકળી ગયા.

હવે બોલવાનો વારો એમના મિત્રનો હતો. એમણે કાંડું ઊંચું કરીને સંજીવભાઈને ઘડિયાળ બતાવતાં કહ્યું : 'પાંચ વાગી ગયા. ઊંઘો છો કે શું? જિમખાનામાં જવાનો સમય થઈ ગયો. જવું છે ને?'

'ના, ભાઈ ના. હું આજ સુધી ઊંઘતો હતો. પણ આજે તો હવે પૂરેપૂરો જાગી ગયો છું. હવે જિમખાનાને છેલ્લા રામ રામ. આજથી રમવાનું છોડી દીધું.' ભાઈ! અંતરના ઊંડાણમાંથી સંજીવભાઈનો અવાજ આવ્યો.

પૂજ્યશ્રીના સ્પર્શમાં રહેલી શક્તિએ પોતાનો પરચો બરાબર બતાવ્યો હતો!

એમણે જેવું બોલ્યા તેવું કરી પણ બતાવ્યું. પૂજ્યશ્રીની પરમ કૃપાથી તેમણે તે દિવસ પછી ક્યારેય પાછો જિમખાનામાં પગ ન જ મૂક્યો.

ધીરે ધીરે એમને ખબર પડી કે બાપુને પેન્ટ, નેકટાઈ જેવા પાશ્ચાત્ય પોશાક પસંદ નથી અને તેઓશ્રી નેકટાઈને તો 'નાકકટાઈ' તરીકે ઓળખાવે છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સંજીવભાઇ પાસે ઘણાં પેન્ટ હતાં. તેમણે તે ગરીબોને આપી દીધાં અને ભારતીય પોશાક પહેરવાનું શરૂ કરી દીધું. સંજીવભાઇની જે રાત પહેલાં જિમખાનામાં વીતતી હતી, એ રાત હવે પૂજ્યશ્રીના એક જ વાક્યના જાદુ જેવા પ્રતાપથી આશ્રામમાં વીતે છે, જે હાથમાં પહેલાં પત્તાં રહેતાં હતાં તે હાથ આજે હાર્મોનિયમમાંથી શ્રી રામ જય રામ, જય જય રામની પાવનકારી સુરાવલી વહાવે છે.

ખરે જ જે શરણ સ્વીકારે તેનામાં પવિત્ર સંસ્કારનું સિંચન કરનારાં શ્રીચરણ તો એક માત્ર શ્રી ગુરુદેવનાં જ હોઇ શકે.

સંત બડે પરમારથી, શીતલ જાકો અંગ,
તપન બુઝાવે ઔરકી, દે દે અપના રંગ.
જય ગુરુદેવ, જય ગુરુદેવ, જય ગુરુદેવ.

(આ લેખ 'મારા ગુરુદેવ' પુસ્તકના આધારે)

તપથી સર્વ કઠિન કામ પણ સુલભ થાય છે, માટે મન, ઇન્દ્રિયો ને શરીરને નિયમમાં રાખવારૂપ તપ સાવધાનતાપૂર્વક કરતા રહેશો તો સર્વપ્રકારે અનુકૂલતાજ રહેશે.

પરમાત્મામાં ઉજ્જવલ શ્રદ્ધા ને નિર્મલ પ્રેમ રાખવો. શ્રદ્ધા ને પ્રેમથી હૃદયમાં ઉત્સાહ ને આનંદ પ્રકટે છે, ને તેથી પરમાત્મપ્રાપ્તિનાં સાધનો સારી રીતે સાધી શકાય છે.

હરતાંફરતાં ને કામકાજ કરતાં–સર્વદા–ઇષ્ટમંત્રનો જપ મનમાં કરતા રહેવું, ને બીજી વાતોને નિરર્થક સંભારવી નહિ, વા બીજાં મનોરાજ્યો થવા દેવાં નહિ.

પુણ્યનું ફલ સુખ ને પાપનું ફલ દુઃખ છે એમ નિરંતર સ્મરણ રાખી પુણ્યકર્મમાં આગ્રહપૂર્વક પ્રવૃત્તિ રાખવી, ને પાપકર્મથી સર્વથા સર્વદા દૂર રહેવું. બની શકે તો પુણ્યકર્મમાં પણ અભિમાન તથા ફલની ઇચ્છાનો ત્યાગ કરીને પ્રવૃત્તિ કરવી.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

યોગકલ્પ

સંકલન : કાં. લ. દેસાઈ

નમસ્તસ્મૈ ગણેશાય, સર્વ વિઘ્ન વિનાશિને।
કાર્યારમ્ભેષુ સર્વેષુ પૂજિતાં યઃ સુરૈરપિ.।।

સનાતન ધર્મની અપેક્ષાયે શિવ–સુત ગણપતિ અને જૈનધર્મની અપેક્ષાએ ઋષભદેવના પ્રથમ ગણધર પુંડરીકસ્વામીને વંદના કે જેઓ સર્વ વિઘ્નોના વિનાશ કરનાર છે તેમજ દેવો અને મનુષ્યો સદાકાળ તેમને પૂજે છે: તેમને વંદન..

(યોગબિંદુમાંથી)

નત્વાદ્યન્ત–વિનિર્મુક્તં, શિવં યોગીન્દ્ર–વંદિતમ્।
યોગબિન્દું પ્રવક્ષ્યામિ, તત્ત્વસિદ્ધયે મહોદયમ્।।૧।।
સર્વેષાં યોગશાસ્ત્રાણાં–મવિરોધન તત્ત્વતઃ।
સન્નીત્યા સ્થાપકં ચૈવ, માધ્યસ્થાંસ્તદ્વિદઃપ્રતિ।।૨।।

આદિ તથા અંતરહિત, યોગીંદ્રોથી સદાયે વંદનીય અને ધ્યાન કરવાયોગ્ય–શિવ એટલે કલ્યાણરૂપ પરમાત્માને નમસ્કાર કરીને, સર્વ યોગશાસ્ત્રના પરસ્પરના વિરોધોને દૂર કરીને, તત્ત્વથી અવિરોધી ભાવ, સાચા ન્યાયથી યુક્ત, માધ્યસ્થ ભાવે ચિત્ત રાખીને, તત્ત્વની સ્થાપના કરવા પૂર્વક, વસ્તુ તત્ત્વના જીજ્ઞાસુઓને ગ્રાહ્ય બને તેવા હેતુથી યોગ–બિંદુ જે ભવ્યાત્માને મહોદય મહાકલ્યાણનું ઉપાદાન કારણ થાય તે માટે કહેવાની પ્રવૃત્તિ–પ્રારંભ કરું છું.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

વિવેચન : આદિ અંતરહિત પરમાત્માને નમસ્કારમાં 'શિવ'ને નમસ્કાર થાય છે, તેથી અદ્વૈત મત, શૈવમત, પાશુપત મત, પાતંજલ મત, ગૌતમ મત, અક્ષપાદ મત વિગેરે શિવને ઈશ્વર માનનાર મતવાદને આમંત્રણ આપ્યું. કારણકે તેઓ આદિ અંત વિનાના શિવ પરમાત્માને માને છે. વૈષ્ણવમતે શિવ કલ્યાણકારક એવા વિષ્ણુદેવને આદિ અંત વિનાના માન્યા તેથી તેમને પણ આમંત્રણ. બૌદ્ધોના બુદ્ધ પરમાત્મા ક્ષણિક વિજ્ઞાન ધારાવડે અનાદિ અનંત કહેવાય તેમજ જૈન મત પ્રમાણે શિવ–સિદ્ધો અનાદિ અનંત જ છે, તેમને પણ આમંત્રણ. આમ પક્ષપાત રહિત આ યોગ–કલ્પની મિમાંસા કરતા સર્વ દર્શનકારોએ રચેલ યોગની યથાર્થતા સિદ્ધ કરવા પ્રયત્ન કરીશ.

વર્તમાન સમયેથી ૨૫૧૫ વર્ષ અગાઉ પ્રગટેલ મહાન યોગી મહાવીરને વંદના :

નમો દુર્વારરાગાદિ, વૈરિવાર નિવારિણે।
અર્હતે યોગિનાથાય, મહાવીરાય તાયિને।।૧૪।।

(કામ, ક્રોધ, મદ, લોભ, દ્વેષ, માન આદિ) સમૂહનું નિવારણ કરનાર એવા અર્હંત (અરિ=દુશ્મન, હંત=હણનાર, દુશ્મનોને હણનાર=અરિહંત : જે રીતે કામરૂપી રાવણનો પરમાત્મરૂપી રામે નાશ કર્યો : કામ ને શરીર=સીતાને આશ્રય આપેલો–શરીરનું હરણ રાવણે કર્યું=શરીરમાં કામ ઉત્પન્ન થતાં : થોડો સમય પરમાત્માને ભૂલી જાય તે કક્ષા : શરીરનો સ+તનનો ત=શબ્દ સીતા) કે જે યોગીઓના સ્વામિ અને જગતના જીવોનું રક્ષણ કરનાર મહાવીરને નમસ્કાર કરું છું.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

યોગીઓનું સ્વરૂપ

યોગી કેવો હોવો જોઇએ તે વિષે યોગબિંદુ જણાવે છેઃ–

પ્રશાન્ત–વાહિતા–સંજ્ઞં, વિસભાગપરિક્ષયં।
શિવવર્ત્મ ધ્રુવાધ્વેતિ, યોગીભિર્ગીયતેહ્રદઃ।।૫।।

યોગીઓ કામ, ક્રોધ, માન, માયા, લોભ, અજ્ઞાન, રાગ, દ્વેષ, હિંસા, ચોરી, મૈથુન, પરિગ્રહ, નિંદા આદિ દોષોને વિષ સમાન જણાવે છે, કારણકે આ દોષો દ્વારા અજ્ઞાનીઓને પ્રથમ આનંદ આવે છે, પરંતુ પછી કિપાક ફલની જેમ પાછળથી અનંત દુઃખથી વ્યાપ્ત થઈને, અનંત જન્મ–મરણ દશાને પામતાં હોઇ, યોગીયો–ઉપર્યુક્ત દોષોને–કષાયોને યા વિષયોને વિષ કહે તે યોગ્યજ છે. તેવા યોગીઓજ શિવમાર્ગે એટલે મોક્ષ માર્ગે ગમન કરવાનું સામર્થ્ય ધરાવે છે.

પરમ યોગીઓ તે યોગમાર્ગને કષાય–દોષ–વિષયોના અભાવ રૂપને 'પ્રશાંત વાહિતા' નામ આપે છે, તે યોગ્યજ છે.

યોગની વાતો કેવી હોવી જોઇએ?

આગ્રહી બત નિનીષતિ યુક્તિં, તત્ર યત્ર મતિરસ્ય નિવિષ્ટા,
પક્ષપાતરહિતસ્ય તુ યકિત,–ર્યત્ર તત્ર મતિરેતિ નિવેશમ્।।

જે માણસ પક્ષપાતથી આગ્રહી હોય, તે યુક્તિઓને પોતાની ધારેલી મતિમાં ખેંચી જાય છે, અને જે પક્ષપાત વિનાનો હોય તે સદ્યુક્તિમાં પોતાની બુદ્ધિને લઇ જાય છે.

અર્થાત્ યોગ વિષેના ગ્રંથો યા લેખો સંપૂર્ણ તટસ્થ ભાવથી લખાયેલાં હોય તો સત્યવસ્તુ વિવેકથી સમજવા ઇચ્છતા આત્મા તે અનુભવ કરાવવા સમર્થ બને.

આ લેખ લખનારની યોગ વિષેની કોઇ યોગ્યતા નથી.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તેથી વાંચકને આ લેખો નિરસ કે નિરૂપયોગી લાગે તો અવશ્ય ક્ષમા કરશો. કોઇ એકાદ વિચાર કોઇ જીજ્ઞાસુને સદ્માર્ગે આગળ વધવામાં સહાયક બને અથવા આ વિષયમાં વિશેષ રસ જાગ્રત્ કરે તો તે પરમકૃપાળુ પરમાત્માની પરમ કૃપા માનવી. આ લેખનમાં જ્યાં સદ્વિચારનો પ્રકાશ દેખાય તે અન્ય ઋષિ–મુનિ–આ વિષયના જ્ઞાનીઓને આભારી ગણાય. તે સર્વ પ્રત્યે સંપાદકનો કૃતજ્ઞભાવ. સિદ્ધાંતથી વિરુદ્ધ કાંઇ લખાયું લાગે તો ઉદારદિલે ક્ષમા આપશો.

યોગનું સામર્થ્ય

યોગબિન્દુમાં જણાવે છે કે:–

યોગઃ કલ્પતરૂ શ્રેષ્ઠો, યોગશ્ચિંતામણિ પરઃ।
યોગઃ પ્રધાનં ધર્માણાં, યોગઃ સિદ્ધેઃ સ્વયંગ્રહઃ।।

(પાનું ૮૫ શ્લોક ૩૭)

યોગ શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે. અને યોગજ સર્વ ધર્મોમાં પ્રધાન છે. તેમજ યોગ અણિમાદિ સર્વ સિદ્ધિઓનું ઘર છે.

યોગવિદ્યા એ શક્તિ અને સામર્થ્યના અપૂર્વ ભંડારની ગુમ ચાવી છે. આત્માનું ઐશ્વર્ય યોગ દ્વારા પ્રગટે છે.

મનુષ્યની પૂર્ણતા યોગાભ્યાસ વિના નથી.

યોગબિંદુના ૩૮ માં શ્લોકમાં:–

તથા ચ જન્મબીજાગ્નિ–જર્રસોઽપિ જરા પરા।
દુઃખાનાંરાજ્યક્ષમાઽયં,મૃત્યોર્મૃત્યુરુદાહતઃ।।

વળી આ યોગ જન્મબીજ માટે અગ્નિ સમાન છે. તેમજ જરા અવસ્થાને માટે જરા એટલે વ્યાધિસમાન છે. તથા દુઃખનો રાજ્યાક્ષમા છે અને મૃત્યુનો પણ મૃત્યુ છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સંક્ષિપ્તમાં : યોગ કર્મ બીજને બાળે છે. યોગવડે વૃદ્ધત્વ આવતું નથી. યોગ દુઃખનો ક્ષય કરે છે, અને જન્મ મરણનો નાશ કરે છે.

યોગબિંદુનો ૩૯ મો શ્લોકઃ–

કુષ્ઠીભવન્તિ તીક્ષ્ણાનિ, મન્મથા સ્ત્રાણિ સર્વથા।
યોગવર્માવૃત્તે ચિત્તે, તપશ્છિદ્રકરાણ્યપિ।।

અર્થઃ–યોગ સ્વરૂપી બખ્તર જેણે ધારણ કર્યું છે, તેવા યોગી મહાત્માઓના ચિત્ત ઉપર કામ દેવતાના અત્યંત તીક્ષ્ણ ધારવાળાં શસ્ત્રો અને અસ્ત્રો સર્વથા બુંઠા થઇ જાય છે. જો કે તપરૂપ ઢાલમાં ઝીણાં કાણાં પાડવામાં સમર્થ એવા કામદેવના ભાલાઓ છે. પણ યોગતત્ત્વના અભ્યાસથી તે બુંઠા થઇ જાય છે.

મનુષ્યની પૂર્ણતા સંયમશક્તિ વડે છે. સંયમશક્તિ મનુષ્યને સાચો મનુષ્ય બનાવે છે.

સંયમશક્તિનું પૂર્ણ પ્રાગટ્ય અને શ્રેષ્ઠ ઉપયોગ એજ યોગાભ્યાસનો ઉદ્દેશ છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

યોગાભ્યાસીને કેટલીક સૂચનાઓ

મણિભાઈ શાહ

યોગનું લક્ષ્ય શરીરને સ્થિર, દૃઢ કરી મનને એકાગ્ર ને શાંત કરી તેનો લય કરવાનું છે. એકાગ્રતા વિનાનું મન યોગમાં આગળ જઈ શકતું નથી. તેથી યોગે શરીરમનને સ્થિર, દૃઢ અને શાંત બનાવવાનો અભ્યાસક્રમ બતાવ્યો છે ને તેમાં મનને પહેલું લીધું છે. યમનિયમદ્વારા મનને પહેલાં કેળવવું પડે છે. જો કે યોગ એમ માને છે કે શરીર અને મન એકબીજા ઉપર અસર કરે છે, શરીર તંદુરસ્ત, બળવાન અને દૃઢ બને તો મન પણ સુદૃઢ અને સબળ બને તેમજ મન સબળ અને દૃઢ બને તો શરીર પણ મજબૂત, સ્થિર અને સુદૃઢ થાય. આમ શરીર અને મન એકબીજા ઉપર અન્યોન્ય અસર કરતું હોવા છતાં યોગ શરીર કરતાં મનને ચડિયાતું માને છે. તેથી જ મનને યોગમાં પહેલું તૈયાર કરવાનું હોય છે. યમનિયમનિષ્ઠાથી તૈયાર થયેલું મનજ ધારણા ધ્યાનમાં પ્રગતિ કરી શકે છે.

અહીં ધ્યાન માટે કેટલીક સૂચનાઓ રજુ કરવા ઇચ્છું છું. ધ્યાન મનનો લય કરવાનો અભ્યાસ છે. એ અભ્યાસમાં આ સૂચનાઓ સહાયરૂપ થશે એમ માનું છું.

સ્થળ

પહેલાં તો સ્થળ અનુકૂળ હોવું જોઈએ. જે સ્થળે ધ્યાનમાં બેસીએ તે શાંત, સુંદર ને સાત્ત્વિકભાવ સંપન્ન હોવું જોઈએ. ગમે ત્યાં ધ્યાન ન થઈ શકે. મેળામાં કે બજારમાં ધ્યાન નથી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

થતું. તે માટે એકાંત નિર્જન સ્થાન હોવું જરૂરી. તેને માટે ઘરમાં જ એકાદ ઓરડો તૈયાર કરવો જોઈએ. તે એકાંત અને શાંતિને ખલેલ પહોંચે નહીં અને સાત્ત્વિકવાતાવરણવાળો હોવો જોઈએ. શાંતિને સાત્ત્વિક વાતાવરણ ધ્યાન કરનારે તૈયાર કરવાનું છે. કોઈ એકાંત સ્થળે વનની ઝાડીમાં ધ્યાન થઈ શકે તો સારૂં પણ એવી અનુકૂળતા શહેરમાં કે ગામમાં મોટે ભાગે અશક્ય છે. તો પણ વનમાં, આશ્રામમાં કે મહાપુરુષની તપશ્ચર્યાભૂમિમાં ધ્યાન થાય તો ઉત્તમ. સતત આવી અનુકૂળતા ન મળે તો વર્ષમાં એકાદ માસ એવા સ્થળે રહી ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ. સ્થળ શુદ્ધ વાયુવાળું ને મચ્છરના ઉપદ્રવવિનાનું હોવું જોઈએ.

ધ્યાનમાં બેસવા માટે જે આસન પાથરીએ છીએ તે જરાક જાડું—ગોદડી જેવું રાખવું જોઈએ જેથી લાંબો વખત બેસવાથી ક્રોણિફલકનાં હાડકાં દુઃખવા ન આવે. ગોદડી જેવા આસન ઉપર એક સ્વચ્છ કપડાનું આસન પાથરી પછી પદ્માસન, સુખાસન કે પલોંઠી વાળીને બેસવાનું હોય છે. જે આસન વાળીને બેસીએ તે સહજ હોવું જોઈએ. તે જરાપણ કષ્ટસાધ્ય કે લાંબા વખતસુધી બેસી રહીએ તો શરીરનો કોઈ પણ ભાગ દુઃખવા ન આવવો જોઈએ. બેસવામાં કષ્ટનું ભાન રહે તો ધ્યાન લાગતું નથી. દેહનું કોઈપણ પ્રકારનું ભાન ધ્યાનમાં વિઘ્નકર્તા છે. ગુમડું થયું હોય, કબજીયાત હોય કે ઉધરસ થઈ હોય તો આપણું બધું ભાન ત્યાંજ રહે છે. તેથી યોગમાં નિરોગિતા અનિવાર્ય છે. આસન આરોગ્ય પ્રાપ્તિનો ઉપાય છે. આરોગ્ય એટલે જ દેહભાનમાંથી મુક્તિ. ધ્યાનને માટે એ મોટામાં મોટી લાયકાત છે. જેનું આરોગ્ય સારૂં તેનામાં દેહભાન

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

(Body Consciousness) નથી હોતું અથવા બહું જ ઓછું હોય છે.

મનની સ્થિરતા

આસનમાં બેઠા એટલે સ્થિર થવાનું હોય છે. શરીરના અંગો તેમજ મન પણ સ્થિર કરવાનું હોય છે. પણ પહેલાં દેહની વાત કરીએ. હાથ હલવા ન જોઈએ. તેને માટે તેને કોઈ મુદ્રામાં ગોઠવવા જોઈએ. કાંતો બંને ગોઠણઉપર જ્ઞાનમુદ્રામાં હાથ રાખવા અથવા તો ખોળામાં એકબીજા ઉપર હાથના પંજા ચત્તા ગોઠવવા એટલે હાથ સ્થિર થયા. પગ તો જે કોઈ આસનમાં બેસો તેમાં ગોઠવાયેલા જ છે. પણ માથુય હલવું ન જોઈએ. તે માટે સમગ્ર કરોડ સ્થિર થાંભલાની જેમ તેના સ્વાભાવિક વળાંકમાં સ્થિર ને ટટાર ઉભી રહેવી જોઈએ. ડોકના અંકોડાથી માંડીને નીચે છેક છેડા સુધી કરોડ સ્થિર રાખવાથી માથું પણ સ્થિર રહે.

આંખો ને જીભ

પણ તોય હજી આંખો અને જીભને સ્થિર કરવાની રહે છે. ઘણા ધ્યાનમાં આંખો ઉઘાડી રાખે છે ને ચારે કોર જોયાં કરે છે. આંખ રખડે તો મન પણ રખડે. જ્યારે ધ્યાનમાં મનને એકાગ્ર ને શાંત કરવાનું હોય છે. તેથી આંખ અર્ધમિચિત અથવા તદ્દન બંધ રાખીને ડોળાને નાકની અણિઉપર સ્થિર રાખવી જોઈએ. એટલે આંખ પણ નિશ્ચળ થઈ જશે. આ માટે નાસાગ્રદૃષ્ટિનો અભ્યાસ ખૂબ મદદકર્તા છે.

જીભનું હલનચલન પણ બંધ થવું જોઈએ. મોઢું બંધ રાખવું જોઈએ ને ઉપર નીચેની દંત–પંક્તિ એકબીજાને સહજભાવે

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અડાડી તેને જીભનું ટેરવું હળવેથી અડાડી રાખવું જોઇએ. મોઢું કે દાંત કચકચાવીને રાખવાના નથી જે કંઇ સ્થિર થવા માટે કરવાનું છે તે બધું સહજરીતે અનાયાસે (પ્રયત્ન વગર) કરવાનું છે.

ધ્યાન પહેલાં ગળુ નાક ને મોઢું સાફ કરી લેવું જોઇએ, જેથી ધ્યાન કરતાં ઉધરસ ન આવે કે ખોંખારો ખાવો ન પડે. ગળું નાક સાફ હોય તો શ્વસનક્રિયામાં પણ સરળતા રહે છે. વ્યક્તિગત ધ્યાન કરતી વખતે ખોંખારો ખવાય કે ઉધરસ આવે તે ચાલે, પણ સામુહિક ધ્યાનમાં ખલેલ પહોંચાડે છે.

કમ્મર પરનું કપડું

શ્વાસપ્રશ્વાસની ક્રિયા પણ સરળ રહે તે માટે લેંઘાની નાડી કે કસકસાવીને પહેરેલું ધોતિયું પણ મુશ્કેલી ઉભી કરે છે. પેટ વિના કારણ દબાયેલું રહે છે ને ઉંડાશ્વાસ લેવાતા નથી. માટે પેટ ઉપરથી દબાણ ઓછું થાય અને શ્વાસપ્રશ્વાસની પ્રક્રિયા સરળ બને તે માટે નાડી કે ધોતિયું ઢીલાં કરવા જોઇએ.

વિચારો

શરીર સ્થિર થાય તો પણ મન વિચારશીલ હોઇ વિચાર કરતું રહે છે. એટલે વિચારોની ગતિ ઘટવી જોઇએ અને અંતે કોઇ એક વિચાર પર સ્થિર ને એકાગ્ર થવું જોઇએ. વિચારો ઘટાડવાનું કામ મુશ્કેલ છે, પણ ધારણાધ્યાનથી એ શક્ય બને છે. પહેલાં વિચારો આવ્યા કરે છે, પણ ધીમે ધીમે તેની ગતિ મંદ પડે છે. પણ તેને માટે બાહ્ય કે અંદર મૂર્તિ, મંત્ર કે વિચારનો આધાર લેવો જોઇએ. બાહ્ય આધારથી પહેલાં શરૂ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

કરવું જોઈએ. કોઈ ઈષ્ટની મૂર્તિ પર મનને એકાગ્ર કરવું જોઈએ. સાથે સાથે પછીથી મૂર્તિની મનમાં પણ ધારણા કરવી જોઈએ.

યોગ્ય સમય

સ્થળની વાત અગાઉ કરી છે. સ્થળની જેમ સમયનો પણ ખ્યાલ રાખવો જોઈએ. ઈશ્વરે જ અમુક સમય ધ્યાન માટે અનુકૂળ કર્યો છે તેનો ઉપયોગ કરી લેવો જોઈએ. સામાન્યરીતે ચાર વખત ધ્યાનને માટે અનુકૂળ જણાયા છે, પ્રાતઃકાળ, સંધ્યાકાળ, મધ્યરાત્રિ અને મધ્યાહ્ન. એ સમયે વિનાપ્રયત્ને મન ધ્યાન માટે અનુકૂળ થઈ જતું હોય છે. ખાસ કરીને જેને બ્રાહ્મમુહૂર્ત અથવા પ્રાતઃકાળ કહે છે અને સંધ્યાનો સમય આ બે સમયનો ઉપયોગ કરવો જોઈએ.

અહીં આપેલી સૂચનાઓ સામાન્ય છે પણ જો તેને અનુસરવામાં આવે તો મનને એકાગ્ર ને શાંત કરવામાં ઘણી મદદ મળશે.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
" સ્વર્ગારોહણ "

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ગીતાધર્મ

શ્રી લાભુભાઈ દવે

(ગતાંકથી ચાલુ)

આપણે શાળાના બાળકની વાત કરતા હતા. બાળકને આપણે વારંવાર કહીએ કે ભાઈ, દીકરા, અભ્યાસ કર, અભ્યાસ કર, હવે આ 'અભ્યાસ' બાળક માટે છે તેમ આપણા માટે પણ છે, આપણે આપણા પોતાને કહીએ કે ભાઈ, દીકરા, 'અભ્યાસ કર!' આ બંને અભ્યાસમાં ખૂબ સામ્ય છે. એક કવિતા પાકી કરવા માટે એકાદ, બે કલાક બાળક સતત મહેનત કરે છે, પરીક્ષામાં પાસ થવા માટે નિયમિત એક, બે, કે ત્રણ કલાક વાંચન, મનન કરે છે, તો આ આપણો અભ્યાસ તો ભવસાગર પાર કરવાનો છે, એ અભ્યાસક્રમ તો જરા અઘરો છે, તેમાં પણ નિયમિતતા અને ધ્યાન જરૂરી છે. ઈશ્વર દયાળુ છે, તે આપણને મળવા આતુર હોયજ. માત્ર આપણે તેને મળવા પ્રયત્ન કરવો જોઈએ, અને આ અભ્યાસ એટલે દરરોજ, નિયમિત, સમયસર, ટાઈમ ટેબલ પ્રમાણે ભક્તિ. પ્રભુના નામના જાપ. કોઈ કહે કે ભગવાન દયાળુ છે તો આપણને કેમ નથી દેખાતો? આવીને કેમ મળતો નથી? વાત સાચી છે. પ્રભુએ આપણને આવીને ચોક્કસ મળવું જોઈએ. દેખાવું જોઈએ.

આ વાતનો છેદ ઊડાડતાં સંત પુરુષો કહે છે કે, "મનુષ્યના જીવનમાં ઈશ્વર તેને મળવા એક વાર તો ચોક્કસ આવેજ છે." પરંતુ ઘમંડી માનવી પ્રભુને ઓળખી શકતો નથી. આમાં

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પ્રભુનો દોષ નથી. આપણા પિતા ઓરડામાં બેઠા છે, આપણે બહાર વરંડામાં ઊભા છીએ. અને બૂમો પાડીએ છીએ કે પિતાજી કેમ દેખાતા નથી! આમાં બે વાત છે, કાંતો આપણે વરંડો છોડી આપણા પિતા પાસે ઓરડામાં જઈએ, અથવા આપણા ઉપર પ્રેમના હિસાબે પિતા આપણી પાછળ વરંડામાં આવી આપણને મળે. કારણ આપણી અને પિતાની વચ્ચે દિવાલ છે, આ દિવાલમાં ઈટો, આપણાં કર્મ અને માયા છે. માટે દિવાલ હટાવો, પોતે હટો, અથવા પિતા હટીને આપણી પાસે આવે. જો એક જ જગાએ ઊભા રહી માત્ર બૂમો પાડીએ તો કાંઈ કામ ન થાય. આપણે બૂમો પાડીએ, પિતા સાંભળે, પણ લાડ કરવા માટે, આપણા તાલ જોવા ઓરડામાં જ બેસી રહે તો? આપણે પિતા પાસે ઓરડામાં જવું જોઈએ. હા, બાળક ખૂબ જીદ્દી હોય તો હઠ કરી ત્યાંજ બેસી રહે તો પિતા તેની ચિંતા કરીને વહાલથી તેની પાસે દોડી જશે, પરંતુ આમાં પણ હઠ કરવાની ક્રિયા તો છેજ.

પરંતુ બંને પક્ષમાંથી એકે, અથવા બંનેએ સક્રિય બનવું પડે. અને આ સક્રિયતા એટલે, ભક્તિ, પૂજા, નામનો જાપ, કીર્તન, સેવા, પ્રભુ પ્રત્યે વિશ્વાસ, પ્રેમથી પોકાર ઈત્યાદિ. આ નિયમથી પ્રભુ પણ મુક્ત નથી. ભગવાનને આ દુનિયામાં કંઈજ કરવાનું નથી, મેળવવાનું નથી, છતાં તેઓશ્રી 'નિષ્ક્રિય' રહેતા નથી. તેઓશ્રી ગીતાજીમાં સ્પષ્ટ કહે છે કે, 'જો હું નિષ્ક્રિય રહું તો સંસાર મારું અનુકરણ કરે અને તેનો જવાબદાર હું લેખાઉં. હવે ભગવાન પોતેજ જ્યારે આપણને રસ્તો બતાવી મળવા તૈયાર છે તો આપણે શા માટે નિષ્ક્રિય બેસી રહેવું જોઈએ? આપણે કોઈ રમકડું નથી કે કોઈ આવીને

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આપણને ચાવી આપી સક્રિય બનાવે. હા, આપણે પ્રભુના હાથનું રમકડું છીએ, તૂટી જઇએ તે પહેલાં તે નચાવે તેમ નાચી, ગાવામાં નકામાં, વ્યર્થ, જીભાજોડીનાં, ગીતો ગાવા કરતાં તેના નામનાં પદો, ભજનો, ગીતો, દુહા, લલકારીએ. બોલવું તો છેજ, તો ખરાબ શબ્દ બોલવાને બદલે સારા શબ્દો શા માટે ન બોલીએ? પ્રભુનું નામ શા માટે ન બોલીએ? એના ઇશારે નાચવાનું તો છેજ, ન નાચવું હોય તો પણ પ્રકૃતિના નિયમ પ્રમાણે નાચવુંજ પડે છે, તો તેની મરજીથી નાચીએ, થોડીક અક્કલ વાપરી નાચ સાથે તેનાં ગીત ગાઇએ, આપણે છૂટા. પતી ગઇ આપણી જવાબદારી.

આને જ્ઞાનીઓ કર્તવ્ય અને ભક્તિ નામ આપે છે. હેં! કર્તવ્ય અને ભક્તિ આટલાં સહેલાં છે? હા. હાસ્તો! આમાં કરવાનું કે વિચારવાનું નથી, આપણને તો શ્રીમંત કુટુંબોમાં જન્મવું હતું. પરંતુ ત્યાં બીજા ભાઇ, બહેનોને જન્મ મળ્યો, અને આપણને બીજે ઠેકાણે જન્મ મળ્યો, આનું કારણ શું? આતો અન્યાય કહેવાય, ચોક્કસ અન્યાય. પેલા ભાઇ, બહેનોને ધનની કમી નથી, ચેનથી જીવે છે, અને આપણે શા માટે આટલી દોડાદોડ કરવાની? આના જવાબમાં સંતો કહે છે કે, "આમાં પણ પ્રભુની મરજી છે." અને કર્મનો નિયમ છે, પેલા ભાઇ, બહેનોનાં પૂર્વ જન્મનાં કર્મ તેમને ત્યાં લઇ ગયાં, અને આપણને અહીં લાવ્યાં, આ વાત ગળે ન ઊતરે તો બીજો દાખલો જોઇએ. એકજ પિતાના બે પુત્રો હોય છે, કેટલીક વખત એકજ વાતાવરણ, એકજ સંસ્કાર, એકજ કેળવણી, છતાં તેમના જીવનમાં આસમાન જમીનનું અંતર જોવા મળે

(અનુસંધાન પાના ૨૮ ઉપર)

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

રામકથા

યોગેશ્વરજી

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

શરદઋતુ સમાપ્ત થઇ ને હેમંતઋતુનું આગમન થઇ ગયું. હેમંતઋતુના એ દિવસોમાં પોતાના નિત્ય નિયમ પ્રમાણે રામ સીતા અને લક્ષ્મણ સાથે ગોદાવરી સ્નાનથી નિવૃત્ત થઇને આશ્રમમાં આવ્યાં. એ વખતે અરણ્યવાસી જુદા જુદા ઋષિઓએ એમની મુલાકાત લીધી અને એમની સાથે ધર્મચર્ચા કરી. એ સૌના વિદાય થયા પછી રામ લક્ષ્મણ સાથે વાર્તાલાપ કરવા માંડયા. એટલામાં તો ત્યાં રાવણની બેન શૂર્પણખા આવી પહોંચી. શૂર્પણખાનું સ્વરૂપ ભારે ભયંકર હતું.

રામના સુંદરતાના સદન સમાન સ્વરૂપને જોઇને એ મોહિત થઇ ગઇ, ભાન ભૂલી ગઇ, ને કહેવા માંડી. "તમારો વેશ તો તપસ્વીનો છે, છતાં પણ તમારી અસાધારણ સુંદરતા છૂપી નથી રહી શકતી. એ સુંદરતા દેખીને મારું મન મોહિત થયું છે. તમે આ રાક્ષસોના પ્રદેશમાં કેવી રીતે આવી પહોંચ્યા તે મને નથી સમજાતું. તમારો પરિચય મેળવવા માટે મારું મન ઉત્સુક છે."

રામે એને પોતાના સરળ સ્વભાવને વશ થઇને પોતાનો સંપૂર્ણ પરિચય આપ્યો, ને પૂછયું. "તમારો પરિચય આપી શકશો ?" "કેમ નહિ ?" શૂર્પણખા બોલી. "હું તમને મારો પરિચય કરાવવા માટે જ આવી પહોંચી છું. મારું નામ શૂર્પણખા છે. રાવણ, કુંભકર્ણ, વિભીષણ તથા ખરદૂષણ મારા ભાઇ છે. એમના કરતાં મારું બળ વધારે મનાય છે. હું ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારી રાક્ષસી છું. તમારી જીવન કથા સાંભળીને મને ભારે દુઃખ થાય છે. તમને વનમાં મોકલનાર માતાપિતા કેટલા બધાં કઠોર હશે ? તમને વનમાં મોકલતાં પહેલાં એમનું કાળજું ફાટી ના ગયું ?

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પરંતુ હા, હવે, મને ખબર પડી. વિધાતાએ તમને મારે માટે જ વનમાં મોકલી આપ્યા છે. જો તમે વનમાં ના આવત તો મને તમારો મેળાપ ક્યાંથી થાત ? તમારા કામદેવ જેવા સ્વરૂપને જોઇને મારું મન મોહિત થઇ ગયું છે."

રામ શાંત રહ્યા એટલે શૂર્પણખા ઉત્સાહિત બનીને બોલી. "અત્યાર સુધી મેં અનેક પુરુષોને જોયા પરંતુ કોઇ પણ પુરુષ મને મારા પતિ તરીકે પસંદ કરવા લાયક નથી લાગ્યો. તમે મારા પતિ થવા માટે યોગ્ય છો માટે હું તમને પસંદ કરું છું તમે પુરુષોમાં શ્રેષ્ઠ છો ને હું સ્ત્રીઓમાં શ્રેષ્ઠ છું. આપણે બન્ને એકમેકને માટે યોગ્ય છીએ."

રામે હસતાં હસતાં કહ્યું. "પરંતુ મેં તો સીતા સાથે લગ્ન કરેલું છે. એનાથી મને સંતોષ છે. એટલે મારાથી તમારો સ્વીકાર નહિ કરી શકાય. હું હમેશાં એક પત્નીવ્રત પાલનનો આગ્રહ રાખું છું."

"સીતા તો કદરૂપી છે. એની સુંદરતા મારી સુંદરતા આગળ કશી જ વિસાતમાં નથી. મારી સુંદરતાની બરાબરી સંસારમાં કોઇનાથી થઇ શકે તેમ. સીતા તો એની બરાબરી કરી શકે જ કેવી રીતે ?"

"છતાં પણ મેં એની સાથે લગ્ન કરી લીધું છે. એટલે લાચાર છું. રઘુવંશીઓ પોતાની સિવાયની બીજી સ્ત્રીઓ પર કુદૃષ્ટિ નથી કરતા."

"તમારી એ દલીલ અસ્થાને છે કારણ કે હું તમારી સાથે લગ્ન કરવા પણ તૈયાર છું."

"પરંતુ મારી તે માટેની તૈયારી નથી તેનું શું ?"

"તમે જરા શાંતિથી વિચાર કરી જુઓ. તમે સીતાની ચિંતા ના કરતા. તમારા ભાઇ લક્ષ્મણને તથા સીતાને તો હું ખાઇ જઇશ. પછી તમે મારી સાથે દંડકારણ્યનાં સુંદર પર્વત શિખરો તથા અરણ્યોનું અવલોકન કરતાં ફર્યા કરજો."

રામે વિનોદ કરતાં કહ્યું. "મારી સાથે તો મારી સુંદર પત્ની સીતા છે. એને હું કોઇ યે સંજોગોમાં નથી છોડી શકું તેમ. પરંતુ આ મારો

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ભાઇ લક્ષ્મણ અહિં એકલો છે. તે તમારા પ્રસ્તાવને માને તો કોશિશ કરીજુઓ."

કામ વાસનાથી વિહ્વળ બનેલી શૂર્પણખા રામના શબ્દો સાંભળીને લક્ષ્મણ પાસે ગઇ ને કહેવા માંડી. "તમે મારે માટે સર્વ પ્રકારે યોગ્ય છો અને એકલા છો તે મારો સ્વીકાર કરો. હું તમને સર્વ રીતે સુખી કરીશ."

લક્ષ્મણે કહ્યું, "હું પણ એકલો નથી. મારું લગ્ન થઇ ગયું છે. અને ના થયું હોય તો પણ, તમને જોઇને મારું મન કોઇ પણ જાતના આકર્ષણનો અનુભવ નથી કરતું. એટલે તમારા બધા પ્રયાસો મિથ્યા છે."

શૂર્પણખા એ અપમાનથી ઉત્તેજીત બની ઉઠી, વ્યગ્ર બની ગઇ, ને બોલી. "મારી ઇચ્છાને તમે નહિ સંતોષો તો મારે તમારો નાશ કરવો પડશે. સૌથી પહેલાં તો હું સીતાને ખાઇ જઇશ એટલે રામ અસહાય બનીને મારો સ્વીકાર કરશે."

સીતા એ જોઇને ભયભીત બની ગઇ ને ચિત્કાર કરી ઉઠી.

શૂર્પણખાએ કરેલા એ આક્રમણને જોઇને તથા સીતાનો ચિત્કાર સાંભળીને રામને રોમાંચ થઇ ગયાં. એમની કાયા કંપવા લાગી. લક્ષ્મણની આંખ પણ જ્વાળાથી ભરાઇ ગઇ. રામે ભારે સમયસૂચકતા વાપરીને એ અમંગલ આક્રમણને રોકી દીધું. શૂર્પણખાને પાછી વાળી, અને લક્ષ્મણે કહ્યું:–

"લક્ષ્મણ રાક્ષસો પોતાના સ્વભાવને નથી છોડતા. આપણને એનો અનુભવ છે. આ રાક્ષસીની સાથે આપણે શાંતિપૂર્વક સારી રીતે વાત કરી તો એણે નીતિની બધીયે મર્યાદાનો પરિત્યાગ કરીને સીતાપર આક્રમણ કર્યું. સારું થયું કે સીતા બચી ગઇ, નહિ તો આજે એને ભારે હાનિ પહોંચત."

(ક્રમશઃ)

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

નિર્મમતા

આત્મવિકાસનો આદર્શ સાધક પરમાત્મા સિવાય બીજા કોઇની મમતા ના કરે તે ઇચ્છવા જોગ છે. અન્યની મમતા દુઃખકારક આસક્તિમૂલક હોય છે ને સાધકના ચિત્તને ચંચળ કરે છે. સાધકે રાગ પણ ન રાખવો કે દ્વેષ પણ ના સેવવો જોઇએ. રાગ તથા દ્વેષ બન્ને હાનિકારક હોવાથી ત્યાજ્ય છે. જે સંસારની પરિવર્તનશીલતાને સુચારૂરૂપે સમજે છે તે જાણે છે કે પરમાત્મા વિના કશું જ સ્થાથી નથી. માટે પ્રીતિ કરવી જ હોય તો કેવળ પરમાત્માની જ કરવી જોઇએ. અનાત્મ અને અનિત્ય પદાર્થોની પ્રીતિ, મમતા, આસક્તિ કરવી નિરર્થક છે.

સાધનાની અભિરૂચિ અને પરમાત્માની પ્રીતિ જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ મન નિર્મમ તેમજ આસક્તિ રહિત બનતું જાય છે. પ્રગતિના સહજ પરિણામરૂપે એ બધું અનાયાસેજ થતું રહે છે. એકજ જન્મમાં વહેલામાં વહેલી તકે સાધનાની સિદ્ધિને મેળવવાની મહત્વાકાંક્ષાવાળા સાધકે સર્વ પ્રકારની નાનીમોટી લૌકિક મમતાઓ અને આસક્તિઓમાંથી મુક્તિ મેળવીને સર્વ સ્થળે અને સર્વક્ષણે સાધના પરાયણ બનવું જોઇએ. એનો અભ્યાસક્રમ એવો અનવરત હોય કે અન્ય વિષયો કે વસ્તુઓ માટે એની પાસે સમયજ ના હોય. સરિતાનું અભિસરણ જેમ સાગર પ્રત્યે એકધારૂં અખંડ રીતે થયા કરે છે, તેમ એના સાધનાત્મક જીવનનું, મનનું અને અંતરનું અભિસરણ સિદ્ધિના પરમ સાગર તરફ અહર્નિશ થતું રહે છે. એવા અનવરત અભિસરણમાંજ એનો એકમાત્ર આનંદ, રસ, સંતોષ હોય છે.

યોગેશ્વરજી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

❋ સંત તુકારામની વાણી ❋

આપણે આપણા ઘરમાં દેવનું પૂજન કરવા બેઠા હોઇએ અને એવે વખતે કોઈ સંતમંડળી આવી પહોંચે તો દેવપૂજા પડતી મૂકીને પણ સંતોનું સ્વાગત કરવું જોઇએ. તેમને બેસવાનું આસન આપવું જોઈએ, અને તેમનું યથાવિધિ પૂજન કરવું જોઇએ. આપણે જે દેવની પૂજા કરતા હોઈએ તે દેવ શાલિગ્રામ હોય કે વિષ્ણુની મૂર્તિ હોય–ગમે તે હોય, આપણે આંગણે આવેલા સંતપુરુષ ગમે તે જાતિના હોય, તોપણ તે પૂજનીય છે, તુકારામ કહે છે કે એવા પ્રસંગે દેવોની પૂજા કરતાં વૈષ્ણવમંડળીની પૂજા વધારે અગત્યની છે.

મનમાં દેવના પ્રત્યે પ્રેમ ન હોય તો ભલે ન હોય, પરંતુ તમારી વાણીમાં તો તેનું નામ સદા બોલાતું રહેવા દેજોજ. વિઠ્ઠલના નામનું ચિંતન કરતાં કરતાં જ દેહનું અવસાન થાય, લોકો હરિ ભક્ત કહીને મારી સ્તુતિ કરે. એવા દંભપૂર્વક પણ હરિનામ તો લેવુંજ. તુકારામ કહે છે આટલું કરવાથી પણ હરિ મારી કોઇ દિવસ સંભાળ લેશે.

તુકારામ

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri